# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૫

૧

**શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર**
**પ્રતિષ્ઠાના ૭૫મા વર્ષનો**
**મહામાંગલિક હીરક જયંતી મહોત્સવ**



**ધન્ય ભાગ્ય અમારે મંદિરે પધાર્યા**
**સીમંધર ભગવાન**
**વધાવું આજ અર્ઘ્યનો થાળ**
**ભરી ભાવ સાથ.**

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* આ સંસારમાં સુખ તો બે દિવસનું છે, પછી તો દુઃખોની પરિપાટી છે; તેથી હે હૃદય! હું તને શિખામણ આપું છું કે તારા ચિત્તને તું વાડ કર, અર્થાત્ મર્યાદામાં રાખ, ને સાચા માર્ગમાં જોડ. ૧૪૬૨.

(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૦૬)

* જહાં આત્મા અપને સ્વભાવમેં હૈ અથવા આત્મા પરમાત્મા કા ધ્યાન કર રહા હૈ યા પરમપદ જો મોક્ષ હૈ ઉસકા મનન કરતા હૈ ઉસીકે અહિંસાવ્રત મહાવ્રત હોતા હૈ. ૧૪૬૩. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૭૫)

* દહીંના મંથનથી ઘીની સત્તા સાધવામાં આવે છે, ઔષધિઓની ક્રિયામાં રસની સત્તા છે, શાસ્ત્રોમાં જ્યાં-ત્યાં સત્તાનું જ કથન છે, જ્ઞાનનો સૂર્ય સત્તામાં છે, અમૃતનો પુંજ સત્તામાં છે, સત્તાને છુપાવવી એ સાંજના અંધકાર સમાન છે અને સત્તાને મુખ્ય કરવી એ સવારના સૂર્યનો ઉદય કરવા સમાન છે. સત્તાનું સ્વરૂપ જ મોક્ષ છે, સત્તાનું ભૂલવું તે જ જન્મ-મરણ આદિ દોષરૂપ સંસાર છે, પોતાની આત્મસત્તાનું ઉલ્લંઘન કરવાથી ચાર ગતિમાં ભટકવું પડે છે. જે આત્મસત્તાના અનુભવમાં વિરાજમાન છે તે જ ભલો માણસ છે અને જે આત્મસત્તા છોડીને અન્યની સત્તાનું ગ્રહણ કરે છે તે જ ચોર છે. ૧૪૬૪.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ-૨૩)

* અવિવેકી માનવ સ્ત્રીકે સંસર્ગકો સુખ કહતે હૈં કિંતુ વિચાર કિયા જાવે તો યહ હી દુઃખોંકે બડે ભારી બીજ હૈં. ૧૪૬૫.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૦)

* ધર્મ ગુરુ હૈ, મિત્ર હૈ, સ્વામી હૈ બાંધવ હૈ, હિતૂ હૈ, ઔર ધર્મ હી વિના કારણ અનાથોંકા પ્રીતિપૂર્વક રક્ષા કરનેવાલા હૈ. ઈસ પ્રાણીકો ધર્મ કે અતિરિક્ત ઔર કોઈ શરણ નહીં હૈ. ૧૪૬૬.(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩, શ્લોક-૧૧)

* પરમગુરુ ઐસા ઉપદેશ કરતે હૈં જો જ્ઞાનસ્વભાવ સહિત તથા આનંદમયી હોતા હૈ ઉસમેં કેવલજ્ઞાનકા કારણ ઐસા જ્ઞાનમયી અંકુર દીખ પડતા હૈ વહી આનંદમયી વ જ્ઞાન સ્વભાવમયી ભેદવિજ્ઞાન હૈ. ૧૪૬૭.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૧૮)

વર્ષ–૯
અંક–૬




વિ. સંવત
૨૦૭૧
February
A.D. 2015

# પધારો સીમંધર ભગવાન...... પધારો





श्री शान्तिनाथ भगवान श्री सीमन्धरस्वामी श्री पद्मप्रभ भगवान

અહો! સીમંધર ભગવાન! આપની સર્વજ્ઞતા..આપનો અતીન્દ્રિય આનંદ અને સાથે-સાથે આપની દિવ્યવાણી—એ બધાને લક્ષગત કરીને આપશ્રીને પરમ ભક્તિથી નમસ્કાર કરીએ છીએ.

પ્રભો! આજે અમારે આનંદનો દિવસ છે. વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજે આપ અમારી નગરી સુવર્ણપુરીમાં પધાર્યા અને આ નગરી સુવર્ણની બની ગઈ. આપની પધરામણીને આજે પંચોતેર વર્ષ થયા. આપશ્રી પધાર્યા ત્યારે અમારા હર્ષાનંદ ઉલ્લાસનો પાર નહોતો અને પંચોતેર વર્ષમાં તો આપની મંગલ છાયામાં અનેક ધર્મવૃદ્ધિના પ્રસંગો બન્યા છે.

રાજકોટમાં વિ.સ. ૧૯૯૫નું ચોમાસુ કરીને વિ.સં. ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)મા પૂજ્ય ગુરુદેવશ્રી સંઘ સહિત ગિરનારની યાત્રાએ પધાર્યા હતા. ગિરનારમાં પૂજ્ય ગુરુદેવશ્રી

તથા બહેનશ્રી વગેરેનો જિનેન્દ્રભક્તિનો અનેરો ઉત્સાહ જોઈને શ્રી નાનાલાલભાઈ જસાણીને સોનગઢમાં દિગંબર જિનમંદિર બંધાવવાનો ભાવ થયો હતો. તેઓ તથા તેમના ભાઈઓ તરફથી સોનગઢમાં જિનમંદિર બંધાવવાનું નક્કી થતા પૂજ્ય બહેનશ્રીનો ઉત્સાહ વધી ગયો હતો.

જો કે ભક્તના હૃદયમંદિરમાં ભાવરૂપે મંગલ પધરામણી તો જાતિસ્મરણજ્ઞાન દ્વારા વિ.સં. ૧૯૯૩થી થઈ ચૂકી હતી. ગત પૂર્વભવમાં પ્રાપ્ત થયેલ તે વિદેહીનાથના સમવસરણમાં દિવ્યધ્વનિના શ્રવણરૂપ પવિત્ર સમાગમ તથા દિવ્યધ્વનિમાં આવેલ પૂજ્ય ગુરુદેવશ્રીના ભૂત તેમજ ભાવિ ભવોનું વૃત્તાંત વગેરેરૂપ અન્ય ઉપકારોના અહોભાવથી નૂતન દિગંબર જિનમંદિરમાં મૂળનાયકરૂપે શ્રી સીમંધર ભગવાનની મંગલ પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૯૭ ફાગણ સુદી ૨ને શુક્રવારના શુભ દિને થઈ હતી. ત્યારથી આપણા આ ભરતક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીના મંગલ યુગનો પ્રારંભ થયો હતો. શ્રી સીમંધર પ્રભુ પ્રત્યે પૂજ્ય ગુરુદેવશ્રીને અપાર ભક્તિભાવ હતો. કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત પૂજ્ય ગુરુદેવશ્રીના નેત્રોમાંથી અશ્રુની ધારા વહી જતી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતે વસુબિંદુ પ્રતિષ્ઠા પાઠ વાંચી દિગંબર પ્રતિમા વિષે જાણ્યું હતું. પછી બહેનશ્રીને આદેશ કર્યો હતો કે તમે પ્રતિમા લેવા જયપુર જાઓ. તેમની સાથે બેન શાંતાબેન, જડાવબેન જસાણી, ઈન્દુભાઈ જસાણી વગેરે પણ ગયા હતા. જયપુરમાં વેપારીની દુકાનમાં ત્રણ પ્રતિમાઓ જોવામાં આવે છે. અદ્‌ભુત અને દિવ્ય ભાવવાહી શાંત, ઉપશમ, વીતરાગી મુખમુદ્રાધારી પ્રતિમા જેમ અત્યારે સોનગઢ જિનમંદિરમાં છે તે જ મુજબ મૂર્તિઓ મૂકેલી હતી. પૂજ્ય બહેનશ્રી તથા સાથેના દરેકને તે ખૂબ જ ગમી ગઈ હતી. સીમંધર ભગવાનની મૂર્તિની મુદ્રાના ભાવો પોતાના જ્ઞાન અનુસાર કરાવ્યા હતા. તે ત્રણેય પ્રતિમાઓ પોતાની સાથે ટ્રેનમાં લાવ્યા હતા.

મહા સુદી ૨ ના સોનગઢ સ્ટેશને પ્રતિમા ઉતરતાં ભક્તો સ્વાગત કરવા આવ્યા હતા. ભક્તોએ પૂજ્ય બહેનશ્રીને કહ્યું કે "પૂજ્ય ગુરુદેવશ્રીને ખબર આપી ન હોવા છતાં તેઓશ્રી વહેલી સવારે નિદ્રામુક્ત થઈ ધ્યાનમાં બેઠા હતા ત્યારે તેમને દૂરથી ચાલી આવતી ટ્રેઈનની ત્રણ લાઈટો દેખાણી હતી. તે પરથી તેમણે ત્રણ ભગવાન આવવાનો સંકેત હોય તેમ લાગ્યું હતું." તેથી અમને સ્વાગત કરવા મોકલ્યા છે. ખરેખર ત્રણ ભગવાન જ આવ્યા હતા.

જયપુરથી પધારેલ પ્રતિષ્ઠેય ભગવંતોનું સ્વાગત ઉત્સાહથી કરવામાં આવે છે અને સ્વાધ્યાયમંદિરમાં પેટીઓ ખોલવામાં આવે છે. જિનેન્દ્રદેવની જિનમુદ્રા કે જે વીતરાગતાના દર્શન કરાવે છે તે—નિહાળતાં જ કવિ કે લેખક વર્ણવી ન શકે એવો આનંદ-ઉત્સાહ જાગે

છે. પૂજ્ય ગુરુદેવશ્રી તો અંતરંગના ભક્તિભાવથી સ્તબ્ધ થઈ જાય છે અને નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે. આ પ્રતિમાજી સ્વાધ્યાયમંદિરની રૂમમાં રાખવામાં આવે છે.

હજુ તો પ્રતિષ્ઠા થઈ પણ નથી છતાં ભગવાનને જોઈને પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત ઉમંગ-ઉલ્લાસ ઉછળે છે. ''હાલો, મારા ભગવાન દેખાડું.'' એમ કહીને બધાને ભગવાનની પાસે લઈ જાય છે. ઘણીવાર તો ભગવાનની સન્મુખ બેસી ભક્તિભીના ચિત્તે શાંતરસથી છલકતા સ્તવનો પણ ગાય છે. સીમંધરનાથના દિવ્ય સંદેશા લઈને ગુરુરાજ અહીં પધાર્યા છે ને ! તેમનો પરમ ઉપકાર છે ને ! તેથી મૂળનાયક તરીકે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન બિરાજમાન કરવા અને મહાવદી ૧૧ થી ફાગણ સુદી ૨ સુધી આઠ દિવસનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવો એમ નક્કી થાય છે.

વિધિનાયક મહાવીર પ્રભુના ગર્ભ-જન્મ કલ્યાણક જાણે સાક્ષાત્ ઉજવાતા હોય એ રીતે હર્ષપૂર્વક ઉજવાય છે. જન્મકલ્યાણકના દિને તો સુવર્ણપુરી કુંડલપુર બની જાય છે. નદી કિનારે મેરુપર્વત બનાવવામાં આવે છે. આ પ્રતિષ્ઠા પ્રસંગે જૂનાગઢની ત્રણ પ્રતિમાઓ સહિત કુલ ૧૦ પ્રતિમાઓ ઉપર પ્રતિષ્ઠામંડપ 'કહાનનગરમાં' પૂજ્ય ગુરુદેવશ્રીનાં મંગલ હસ્તે અંકન્યાસવિધિ થાય છે. ભક્તિ ઉમંગથી બળદગાડા અને ઘોડાગાડીમાં બેસી શોભાયાત્રા–જુલુસમાં ભાગ લે છે. આ પ્રસંગે એક હાથી પણ આવે છે. આ મહોત્સવમાં ૧૫૦૦ મુમુક્ષુઓનો સમુદાય આનંદ ઉલ્લાસથી ભાગ લે છે. ભાવનગરના નરેશ પણ ભાગ લેવા આવે છે.

પ્રતિષ્ઠાના મંગલમય દિને ને મુહૂર્તે જ્યારે જિનમંદિરના પ્રવેશદ્વારે વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાન પધારે છે ત્યારે જાણે કે સાક્ષાત્ ત્રિલોકીનાથ તીર્થંકરદેવ આંગણે પધારતા હોય એવું અદ્ભુત-અનુપમ વાતાવારણ સર્જાય છે. ભક્તોના સર્વાંગેથી ભક્તિરસ વરસે છે. જિનેશ્વર લઘુનંદન પૂજ્ય ગુરુદેવશ્રી પણ અતિશય ભક્તિભાવથી 'પધારો ભગવાન ! પધારો !' એમ સ્વાગત કરીને સાક્ષાત્ દંડવત્ નમસ્કાર કરે છે. તેઓશ્રીને સહજપણે ભક્તિરસની એવી તો ખુમારી ચડી જાય છે કે તેના અતિપ્રચંડ પ્રવાહને લીધે આખો દેહ બે-ત્રણ મિનિટ શાંત...શાંત નિષ્ચેષ્ટ થઈ જાય છે. ભક્તિનું આ અદ્ભુત પાવન દશ્ય પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમના નેત્રોમાં અશ્રુ ઊભરાયા અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના પવિત્ર હસ્તે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે કે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વ ભાવે કરાવી હતી.

જિનેન્દ્રદેવની મંગલ પધરામણી થતા, બપોરના પ્રવચન પછી પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં જિનમંદિર મધ્યે પ્રતિદિન પોણો કલાક ભક્તિ થતી હતી. પ્રવચન સાંભળતા

આત્માના તેમજ મોક્ષમાર્ગના મૂળ ઉપદેશક વીતરાગ જિનેન્દ્ર ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય. જેથી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્ભુત ભક્તિભાવ ઉલસતો હતો. આ રીતે જિનમંદિર જ્ઞાન અને ભક્તિના સંગમનું નિમિત્ત બન્યું.

પ્રભો ! આપના વિદેહમાંથી અહી આવેલા આપના ભક્તોએ અમને આપનો વીતરાગમાર્ગ દેખાડ્યો.... આપના એ ભક્તોએ ભરતક્ષેત્રમાં પણ જાતિસ્મરણ વડે આપનો સાક્ષાત્કાર કર્યો ને આપની મધુર વાણીમાં આવેલી અનેકવિધ મંગલ સંભારણા તાજા થતાં અહીં આનંદ...આનંદ છવાઈ ગયો. પ્રભો ! આપ આવ્યા ને બીજે જ વર્ષે સમવસરણ આવ્યા, કુંદકુંદ પ્રભુને પણ આપ સાથે જ લાવ્યા....પછી તો માનસ્તંભ પણ આવ્યા ને હજારો ભક્તો આપના ચરણ સેવવા આવતાં તેર વર્ષે મંદિર ટૂંકું પડયું, તેથી મોટું...વિશાળ-ઉંચું મંદિર બંધાયું....પ્રભો ! અમારા મહાભાગ્યે આપ સદા અમારી નજર સમક્ષ બિરાજી રહ્યા છો ને મંગલ કૃપાદષ્ટિથી અમારું કલ્યાણ કરી રહ્યા છો. અહો ! આપની સર્વજ્ઞતા, આપની વીતરાગતા, આપનો પૂર્ણાનંદ, આપનો સ્વાશ્રિત માર્ગ, આપનો આ બધો અચિંત્ય આત્મવૈભવ આપના ભક્ત કહાન અમોને ઓળખાવી રહ્યા છે ને આપના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી રહ્યા છે. પ્રભો ! અમે તો આપની પાસે વિદેહમાં નથી આવી શકતા પણ આપ વિદેહથી કૃપા કરીને અહીં પધાર્યા છો તેથી અમારે તો જાણે અહીં જ વિદેહક્ષેત્ર આવ્યું હોય ને અમે વિદેહના માનવીઓની વચ્ચે જ વસતા હોઈએ....એમ આત્મા ઉલ્લસે છે. આપના ભક્તોના શ્રીમુખથી રોજરોજ આપની વાણીનો સંદેશ સાંભળીએ છીએ. એ સાંભળતા આપના પ્રત્યે પરમ ભક્તિ જાગે છે.




પ્રભો ! આપને સર્વજ્ઞસ્વરૂપે જ્યાં લક્ષમાં લઈએ છીએ ત્યાં તો અમારો આત્મા જ્ઞાનમય બની જાય છે. રાગ સાથેનો સંબંધ તૂટી જાય છે ને સર્વજ્ઞસ્વભાવ સાથે સંધિ થાય છે....આપના ચિંતનથી ધારા ઉલ્લસે છે. હે ઉપકારી દેવ ! આપના ચરણોમાં ફરી ફરીને નમસ્કાર હો !



# અરિહંતદેવનું સ્વરૂપ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૬-૪-૪૪, બુધવાર) (ગતાંકથી ચાલુ)

અરિહંતને કાર્યપરમાત્મા કહ્યા, કાર્યપરમાત્માની વ્યાખ્યા ચાલે છે.

જે ત્રિકાળ સંપૂર્ણ આવરણરહિત છે તે વસ્તુ છે; નિર્મળ અવસ્થા તો કાર્ય છે, તે નિર્મળ દશા આવી ક્યાંથી? આત્મા ત્રિકાળ નિરપેક્ષ વસ્તુ છે, અવસ્થાનું આવરણ કે અવસ્થાનું ઊઘડવું તે બન્નેમાં કર્મની અપેક્ષા આવે છે. નિર્મળ અવસ્થામાં પણ કર્મના અભાવની અપેક્ષા આવે છે. આત્મા નિમિત્ત કે પરની અપેક્ષા વિનાનો ત્રિકાળ એકરૂપ આવરણ રહિત સ્વરૂપ છે, તે કારણ છે અને તેમાં દૃષ્ટિ અને એકાગ્રતા થતાં પરમાત્મ દશા પ્રગટે છે તે કાર્ય છે.

પ્રશ્ન :—આત્માને ત્રિકાળ નિરાવરણ કહ્યો તે કઈ રીતે? વર્તમાન અવસ્થામાં તો આવરણ છે?

ઉત્તર :—અહીં તો આત્મ દ્રવ્ય જે ત્રિકાળ એકરૂપ છે તે 'કારણ પરમાત્મા'ની વાત છે, અવસ્થાની વાત નથી. અવસ્થાનું આવરણ વસ્તુમાં નથી. અવસ્થા ભેગી લ્યો તો 'કારણ પરમાત્મા' કહી શકાય નહીં. બંધ—મોક્ષની અવસ્થાની અપેક્ષા વિના જે ત્રિકાળ એકરૂપ નિરાવરણ વસ્તુ છે તે જ કારણ પરમાત્મા છે.

જો વસ્તુ પોતે આવરણવાળી હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. આવરણ પર્યાયમાં હોય; વસ્તુ ત્રણેકાળ આવરણરહિત નિત્ય છે; સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષની અવસ્થા અનિત્ય છે, એક સમય પૂરતી છે; તે રહિત એકરૂપ નિત્ય વસ્તુ છે, તેમાં કોઈ અપેક્ષા જ નથી; આવો નિજકારણ પરમાત્મા જેમાંથી કેવળદશારૂપ કાર્ય પ્રગટે તે વસ્તુ, તેની ભાવનાથી—એકાગ્રતાથી કેવળજ્ઞાનરૂપ કાર્ય પ્રગટ થયું. 'ભાવના' શબ્દમાં દર્શન—જ્ઞાન—ચારિત્ર ત્રણે આવી જાય છે.

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,**
**પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.** —શ્રી નિયમસાર

પાણી અગ્નિથી ઊનું થયું છે તે વખતે જ તેની અંદર શીતળતા રહેલી છે, જો તે વખતે શીતળતા ન હોય તો બીજે સમયે આવશે ક્યાંથી? ઉષ્ણ પર્યાય તો અપેક્ષિત છે; પાણી દ્રવ્યે શીતળ, ગુણે શીતળ અને વર્તમાન પણ શીતળ છે. વર્તમાનરૂપે પણ પાણીમાં શીતળતા રહેલી છે, તેમ અનાદિ અનંત એકરૂપ નિરાવરણ આનંદ કંદ આત્મ વસ્તુ તેને કોઈ અપેક્ષા નથી, વર્તમાન પણ એકરૂપ અનંત શક્તિનો પિંડ શુદ્ધ છે, એવા સ્વભાવની ભાવનાથી–તેની શ્રદ્ધા–જ્ઞાન અને અંતર–રમણતાથી પરમાત્મદશા–કેવળજ્ઞાનદશા જેને પ્રગટ થઈ છે એવા અરિહંત પરમાત્મા જ સાચા દેવ છે, તે સિવાય બીજા કોઈ સાચા દેવ નથી. કેવળદશા 'ભાવનાથી ઉત્પન્ન થઈ છે' એમ કહ્યું છે, પણ 'અનાદિથી ઉઘડેલી જ હતી' એમ કહ્યું નથી–કેમ કે અહીં કાર્ય પરમાત્માની વાત લેવી છે. કારણ ત્રિકાળ હોય છે, કાર્ય નવું પ્રગટે છે.

જેને અરિહંતના ગુણોનો ખ્યાલ હોય તેને જ અરિહંતના સ્વરૂપની ખબર છે. આ ગુણોથી ઊલટા ગુણના ધરનારા દેવ નથી–પણ દેવાભાસ છે, તે બધા દેવપણાના મિથ્યા અભિમાનથી બળી રહ્યા છે, સ્વભાવના અજ્ઞાત હોવાથી કાર્ય પરમાત્માપણે પ્રગટ થયા નથી, ઊલટી તે પર્યાયને ઢાંકી દીધી છે–નાશ કરી છે. આત્મા, આત્માનો સ્વભાવ અર્થાત્ ગુણ અને વીતરાગ અવસ્થા (નિરપેક્ષ પર્યાય) છે તે શક્તિ તો ત્રિકાળ છે, તે કારણ પરમાત્મા છે અને તેની ભાવનાથી પ્રગટ પરમાત્મ દશા પ્રગટે છે–તે કાર્ય છે.

અરિહંતને પરમાત્મ દશા કેમ પ્રગટી તે બતાવાય છે કારણ પરમાત્મા જે દ્રવ્ય તે ત્રિકાળ છે, તેમાંથી જ કાર્ય પ્રગટ્યું છે. અવસ્થા પ્રગટી તે કાર્ય છે અને તેનું કારણ ત્રિકાળ એકરૂપ છે, તે બતાવવું છે.

કાર્ય એમ બતાવ્યું કે–જેને નિમિત્તમાં–બહારમાં આઠ પ્રાતિહાર્ય છે અને ઉપાદાનમાં સ્વરૂપના અનંત આનંદનો અનુભવ છે એવા અરિહંત તે કાર્ય પરમાત્મા છે. કારણ તો બધા જીવોને (નિગોદ સહિત) ત્રિકાળ એકરૂપ છે, કારણમાં તો બધા જીવો સરખા છે, અને જેને કાર્ય પ્રગટ્યું છે તે કાર્ય પરમાત્મા અરિહંતદેવ છે. જેને કારણનું ભાન થયું અને કાર્ય પ્રગટ્યું તે જ કાર્ય પરમાત્મા છે, શક્તિએ તો અભવી પણ કારણ પરમાત્મા છે, અહીં તો 'કાર્ય જેને પ્રગટ્યું છે એવા' એમ કહીને કાર્ય કારણની સંધિ કરી છે.

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧. –શ્રી નિયમસાર**

જેને સ્વભાવની દૃઢતા થઈ તેને કાર્ય પ્રગટ્યું, અને જેને પરનું અભિમાન થયું તેની કાર્ય–અવસ્થા બળી ગઈ છે, તે અરિહંત કહેવાય નહીં. જેને કાર્ય પ્રગટ્યું તે અરિહંત છે. અરિહંત કોઈને સુખ–દુઃખ આપી શકતા નથી, તેઓ તો સત્યમાર્ગ બતાવે, તે જે સમજે તેને લાભ થાય.

શ્રી કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસારમાં કહ્યું છે કે :—

''तेजोदिट्ठीणाणं इड्ढी सोक्खं तहेव ईसरियं
तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो''।।

(અધ્યાય–૧)

જેમના આત્માનું તેજ, અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંત સુખ અને અનંત ઐશ્વર્ય એટલે બળ પ્રગટ્યું છે તથા ત્રણલોકમાં તેમના જેવા ઊંચા પુરુષ નથી એવો જેનો મહિમા છે તે અરિહંતદેવ છે.

હવે અરિહંતનું શરીર કેવું છે તે શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે :—

(શાર્દૂલવિક્રીડિત)

कांत्यैव स्नपयंति ये दशदिशो धाम्ना निरुंधंति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णंति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरंतोऽमृतं
वंद्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

(સમયસાર કળશ ૨૪)

જેના શરીરની કાંતિથી દશે દિશાઓ ઊજ્જ્વલ બને છે, જેના અનંત તેજમાં ચંદ્ર–સૂર્યનું તેજ ઢંકાઈ જાય છે, જે પોતાના રૂપથી મનુષ્યના ચિત્ત હરી લ્યે છે, જેનો દિવ્ય ધ્વનિ ૐ સાંભળતાં જાણે કે કાનમાં સાક્ષાત્ અમૃત વરસતું હોય એવું સુખ થાય છે અને જેમનું શરીર ૧૦૦૮ લક્ષણોથી શોભિત એવા અરિહંત પૂજવાયોગ્ય છે. આ રીતે અરિહંત પરમાત્માને ઓળખીને, પોતાના પરમ ઉપકારી જાણીને તેને જ આપ્ત માનવાયોગ્ય છે, અને પૂજના તથા વંદના યોગ્ય છે.

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.** **–શ્રી નિયમસાર**

ટીકાકાર આચાર્યદેવ કહે છે :—

(વસંતતિલકા)

जगदिदमजगच्च ज्ञाननीरेरुहान्त—
भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यं।
तमविकलयदेहं नेमितीर्थंकरेशं
जलनिधिमपि दोर्भ्यामुत्तराम्युद्भवीचिम् ।।

જે અરિહંતના જ્ઞાનરૂપી કમળમાં ભ્રમણ સમાન આ ચૌદ બ્રહ્માંડ નિત્ય સ્પષ્ટ પ્રતિભાસે છે—જણાય છે. એવા શ્રી નેમિનાથભગવાનને હું નિશ્ચય કરીને પૂજું છું, એ પ્રભુની પ્રસાદીથી (ખરેખર તો પોતાના ભાવની પ્રસાદી છે પણ નિર્માનતાથી કહે છે કે એ પ્રભુની પ્રસાદીથી), હું અજ્ઞાન અને રાગ–દ્વેષનાં તીવ્ર મોજાંવાળાં સંસાર સમુદ્રને મારી બે ભૂજાઓથી તરી જવા સમર્થ થઈશ.

''તીવ્ર મોજાંવાળાં'' એમ કહ્યું છે; ત્યાં અસ્થિરદશા છે તેથી કર્મમાં જોડાણ છે તેનું જ્ઞાન છે, અને ''મારી બે ભૂજાઓથી'' એમ કહીને તરી જવાનું સામર્થ્ય મારૂં છે એમ ઉપાદાન મૂકી દીધું છે. કર્મના નિમિત્તમાં જોડાણ છે તેનો ખ્યાલ છે, પણ મારી બે ભૂજાઓ–સમ્યક્દર્શન અને સ્વરૂપ સ્થિરતાથી હું તે તરી જઈશ એમ પુરુષાર્થનું જોર બતાવ્યું છે. ।।૭।। (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ)

પહેલાં ઈચ્છારૂપી રોગ હતો અને પછી આત્માની ઓળખાણ કરીને તથા સત્યધર્મનું સાધન કરીને એ ઈચ્છારોગનો સર્વથા નાશ કર્યો હોય તેમના દ્વારા જાણી શકાય છે. જેટલા સિદ્ધો, કેવળી-અરિહંતો થયા તે બધાને પણ પહેલાં તો આ રોગ હતો, અજ્ઞાનદશામાં તેઓ પણ નિગોદમાં રખડતાં હતાં; પણ પછી સાચા સ્વરૂપનું ભાન કરી, સત્‌ધર્મનું સાધન કરી વીતરાગ થઈ ગયા, ઈચ્છા રહિત થઈ ગયા; એ સર્વજ્ઞ ભગવાન જ સાચા વૈદ્ય છે. રાગ, ધર્મ, સાચી પ્રવૃત્તિ, સમ્યગ્જ્ઞાન અને વીતરાગદશારૂપ નિરોગતા એ બધાનું શરૂઆતથી અંત સુધીનું જ્ઞાન સર્વજ્ઞને જ હોય છે, અને તેઓ જ અન્યને દર્શાવવાવાળા છે; તેથી સર્વજ્ઞ ભગવાન પરમ વૈદ્ય છે. (ક્રમશઃ) ❋

**જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;**
**કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩. –શ્રી નિયમસાર**



# રોગ અને વૈદ્ય બંનેને ઓળખો

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૦)), શુક્રવાર)

ઇચ્છા એ જ રોગ છે. ઇચ્છા કોને થાય? કે જેને કાંઈ દુઃખ હોય તેને દુઃખથી છૂટવા માટે ઇચ્છા થાય, તેથી ઇચ્છા કરે તે દુઃખી છે. ઇચ્છા નામનો રોગ અનાદિકાળથી જીવને વળગ્યો છે. આત્માને પરવસ્તુની ઇચ્છા તે રોગ છે. જેમ કોઈને વાયનો રોગ હોય અને તે ઘણા કાળથી ખોટા ઉપાય કરી કરીને થાક્યો હોય તો તે ઉપાયને ખોટા જાણે ને સાચા ઉપાય કરે.

પ્રશ્ન :—અમારા ઉપાય તો સાચા છે. અમે ધન મેળવવાના ઉપાય કરીએ તો ધન મળે છે, તો પછી અમારા ઉપાય ખોટા કેમ?

ઉત્તર :—ઇચ્છાનું દુઃખ ટાળવા માટે એ ઉપાય તદ્દન ખોટા છે. ધન મળ્યું ત્યાં ફટ બીજી ઇચ્છા ઉભી જ છે. રૂપિયા હોય, મોટાઈ હોય, ને બાયડી-છોકરાં પણ હોય, છતાં મરણના ટાણાં આવે એટલે જીવવાની ઇચ્છાનું દુઃખ થાય. પણ આયુષ્ય પૂર્ણ થઈ ગયું ત્યાં ધન વગેરે કોઈ સાલ નાખી શકે તેમ નથી, અને પોતાની ઓળખાણ વગર મરીને કીડી, કાગડા વગેરેમાં જાય. આમાં ક્યો ઉપાય સાચો છે? પર વસ્તુની ઇચ્છા તે જ રોગ છે. પોતાના સુખ માટે પર વસ્તુની ઇચ્છા કરી એટલે પોતાને તો નમાલો—સુખ વગરનો માન્યો. આત્મામાં જ સુખ છે તેનું ભાન નથી, તેથી આત્મા સિવાય પર વસ્તુને ગ્રહવાના ભાવરૂપી ઇચ્છાનો રોગ અનાદિથી વળગ્યો છે. અનંત ઉપાય કર્યા છતાં તે રોગ હજી મટ્યો નથી, અને ઇચ્છાનું દુઃખ તો થઈ જ રહ્યું છે; માટે તે ઉપાય જ ખોટા છે.

વાઈના રોગવાળાએ જાણવું જોઈએ કે પહેલાં કરેલા બધા ઉપાયો ખોટા છે, વાઈના રોગથી શરીર કંપે છે, અને તે વાઈના રોગના વૈદ્ય કોણ છે કે જે નાડ પારખું હોય. શીકલ જોઈને રોગનું સ્વરૂપ પારખી લે એવા વૈદ્ય કોણ છે તેનું જ્ઞાન હોવું જોઈએ. એક એવા વૈદ્ય હતા કે પાણીનું બેડું ભરીને જતી બાઈની શીકલ ઉપરથી પારખી લીધું કે આ બાઈને એવો રોગ છે કે હમણાં મરી જશે, ઘરે પહોંચવાની નથી, તેનું બેડું

**સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.** **–શ્રી નિયમસાર**

સામેથી લઈ લ્યો! એમ કહ્યું ને થોડી વાર થઈ ત્યાં તો બાઈ એકદમ પડી ગઈ અને મરણ પામી. એમ સ્વાશ્રિત સંપૂર્ણ જાણપણું હોય. રોગ શું , નિરોગ શું, ઔષધ શું અને પથ્ય શું એ બધું જાણતા હોય તે સાચા વૈદ્ય છે. અહીં દ્રષ્ટાંતમાં પણ, દરદી આવે અને ચોપડીમાં રોગનું નામ જોવું પડે તેવા વૈદ્યને નથી લીધા, પણ સ્વાશ્રિત જાણકાર વૈદ્યને લીધા છે, તેમ જ દરદી પણ એવો લીધો છે કે જેને પોતાનો રોગ ભાસ્યો હોય, પોતે કરેલા ઉપાયો ખોટા લાગ્યા હોય, વૈદ્યની સાચી શ્રદ્ધા થઈ હોય અને રોગ ગયેલાની શીકલ જોઈને ઉત્સાહ ઉપજે કે અહા! આને રોગ ટળીને નિરોગતા થઈ છે, મારો રોગ પણ આ રીતે મટી જશે. સામા વૈદ્યને પણ પહેલાં મારી જેમ વાઈનો રોગ હતો તે મટાડીને પોતે વૈદ્ય થયા છે, એટલે તેમના કહેલા ઉપાયથી મારો રોગ જરૂર જશે એમ શ્રદ્ધા લાવી વૈદ્ય પાસે જાય; કેમકે વૈદ્ય વિના રોગનું દુ:ખ જાય નહીં.

આત્મા તો અખંડ અકંપ સ્થિર સ્વરૂપ છે, તે અકંપ સ્વરૂપને ભૂલીને પરવસ્તુની ઈચ્છાનો કંપવા આવે છે તે વાઈનો રોગ આત્માને અનાદિથી છે. તે રોગને ટાળનાર વૈદ્ય એટલે કે સાચા ગુરુ કોણ છે? એ વૈદ્યને લક્ષણોથી બરાબર ઓળખવા જોઈએ; કેમકે અજાણ વૈદ્ય યમ બરાબર છે. માટે સાચા વૈદ્યનો (અહીં સદ્‌ગુરુ તે વૈદ્યને સ્થાને છે) જ્યાં સુધી સંબંધ ન મળે ત્યાં સુધી ઔષધી ન લેવી સારી છે, પણ ખોટા વૈદ્યની ઔષધી લેવાથી તો ઘણું દુ:ખ થાય છે. સાચી દવા ન મળે તેથી કાંઈ ઝેર ન લેવાય તેમ સાચા ઉપાય ન મળે એટલે ખોટા ઉપાય ન કરાય. આ જીવને આકુળતા જેનું લક્ષણ છે એવો અજ્ઞાનજનિત ઈચ્છા નામનો રોગ અનાદિથી હંમેશા બની રહ્યો છે. કોઈ વેળા ઓછી આકુળતા થાય છે તો કોઈ વેળા વિશેષ આકુળતા થાય છે, પણ અજ્ઞાનજનિત ઈચ્છા નામનો રોગ તો કાયમ છે. તેમાં કોઈ ભવ્ય લાયક જીવ, કંઈક જ્ઞાનાવરણના ક્ષયોપશમથી અને પુરુષાર્થ કરવા તૈયાર થયો હોવાથી, આ પર વિષયના સેવનથી મને શાંતિ મળી નહીં, પાંચ ઈન્દ્રિયોના વિષયમાં સુખનો અનુભવ થયો નહીં એમ જાણી પોતાના ઉપાયોને તે અસત્ય જાણે છે; અને સાચા ઉપાયનો નિશ્ચય કરી, મારો ઈચ્છા નામનો રોગ જે પ્રકારે મટે એ પ્રમાણે સત્યધર્મનું સાધન કરવું એમ નક્કી કરે છે. પરથી મને લાભ થાય એમ માનીને જે પર દ્રવ્યની ઈચ્છા કરે છે તેને અજ્ઞાનજનિત ઈચ્છારૂપી રોગ છે. તે ઈચ્છારૂપી રોગ મટાડવાનો ઉપાય તો સાચો ધર્મ છે. અને તે ઉપાય જેમને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

**અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,**
**શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫. –શ્રી નિયમસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**असुरोदीरिय-दुक्खं सारीरं माणसं तहा विविहं ।**
**खित्तुब्भवं च तिव्वं अण्णोण्ण-कयं च पंचविहं ।।३५।।**

**અર્થ :—**અસુરકુમાર દેવોથી ઉપજાવેલાં દુઃખ, (પોતાના) શરીરથી જ ઉત્પન્ન થયેલાં દુઃખ, મનથી અને અનેક પ્રકારનાં ક્ષેત્રથી ઉત્પન્ન થયેલાં દુઃખ તથા પરસ્પર કરેલાં દુઃખ—એ પ્રમાણે પાંચ પ્રકારનાં દુઃખ છે. ૩૫.

છોકરાને પાંચ શેર સાકર લાવવાનું બાપ કહે, જો છોકરો તેના ભાવને સમજે તો તે સમજ્યો કહેવાય. તેમ આત્માનું સ્વરૂપ સમજે તો શ્રવણ કર્યું કહેવાય. આ શરીર સાત ધાતુનું છે ને આત્મા જ્ઞાનાનંદ છે, તેની દૃષ્ટિ કર્યા વિના કલ્યાણ થાય તેમ નથી. પૈસામાં સુખ-દુઃખ નથી. હું નિર્ધન છું એવી દીનતા દુઃખનું કારણ છે, પૈસામાં સુખ છે એવી કલ્પના દુઃખ કરાવે છે. શરીર પચીસ-પચાસ વરસની મુદતનું છે તે છૂટી જાશે. શરીર સાત ધાતુનું છે. શરીર છોડવા યોગ્ય છે, એમ માને તો શરીર છૂટતી વખતે દુઃખ થાશે નહિ. દુધમાંથી ધોળાશ નીકળે નહિ પણ પાણી નીકળી જશે, કેમ કે બન્ને ભિન્ન ચીજ છે. તેવી રીતે શરીર ને આત્મા બન્ને જુદી ચીજ છે. ભગવાન આત્મા ત્રિકાળ રહેનારો છે, તથા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, અજ્ઞાનીને તે બેસતું નથી. શરીર છોડવા જેવું છે ને આત્મા આદરવા યોગ્ય છે, તેવા ભેદજ્ઞાન વિના ધર્મ થાશે નહિ.

“અનેક પ્રકારના શરીરના સંયોગો મળવા છતાં આત્મા તે-રૂપ થઈ જતો નથી.”

આત્મા શરીરની મધ્યમાં રહેલો છે તે બધું જાણે છે, દેખે છે. શુભ-અશુભ વિકલ્પ ઊઠે તે ઉપાધિ છે, તે મૂળ સ્વરૂપ નથી. આત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી પર તરફની બુદ્ધિ છૂટે નહિ. શરીરને રોગ થતાં મને રોગ થયો, એમ માનનાર બન્નેને એક માને છે. શરીર ઉપર કાળા કપડાં પહેરતાં શરીર કાળું થતું નથી. તેમ જુદા જુદા શરીરના સંયોગો આવવાથી આત્મા તે–રૂપે થતો નથી. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. જગત તેનું દૃશ્ય છે. આત્મા દેખનાર-જાણનાર છે. તેમ નહીં માનતા જગતનું હું કરી દઉં, એમ માનવું તે ભ્રાંતિ છે.

**જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,**
**તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬. –શ્રી નિયમસાર**

"આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

અજ્ઞાનીને પોતાના આત્માની ખબર નથી. સ્વર્ગ, ઢોર, નરક આદિમાંથી નીકળીને મનુષ્યમાં આવ્યો, પણ મનુષ્યમાં રહેલો ચિંતામણિરત્નની ઓળખાણ કરતો નથી. કાચા ચણાને સીધો ખાવાથી તૂરો લાગશે ને વાવશે તો ઉગશે, પણ ચણાને શેકશે તો મીઠાશ લાગશે ને ઊગવું મટશે. ચણામાં મીઠાશ ભરેલી છે તે વ્યક્ત થાય છે, પણ કચાશના લીધે મીઠાશ લાગતી નથી ને ફરી ઊગે છે. તેમ આત્મામાં જ્ઞાન ને આનંદ ભરેલા છે પણ શરીર-મન-વાણીની ક્રિયા મારી તથા જ્ઞાનક્રિયા મારી નહિ, એવી અજ્ઞાનરૂપી કચાશના લીધે આનંદનો અનુભવ આવતો નથી ને સંસારમાં રખડે છે.

જુઓ, નીચે સાત નરક છે. જગતમાં તીવ્ર પાપ પરિણામ કરનારને તેનું ફળ ભોગવવાનું સ્થાન નીચે નરકમાં છે. તે નરકમાં અસુરકુમાર દેવો જઈને નારકીઓને પરસ્પર લડાવે છે. સંયોગ તો પર ચીજ છે. કાંઈ સંયોગનું દુઃખ નથી પણ તે જીવ વીતરાગી ચૈતન્યની ભાવના (જિનભાવના, સમ્યક્‌ભાવના) ચૂકીને તીવ્ર સંક્લેશ પરિણામમાં પડ્યા છે, તેથી દુઃખી છે એમ સમજવું.

તે નારકીઓના શરીર સ્વયમેવ જ તીવ્ર પાપકર્મના ઉદયથી રોગી છે, તેમ જ તેઓ મહા ક્રૂર પરિણામથી એકબીજાને દુઃખ આપે છે. વળી નરકમાં અતિશય ઠંડી ને અતિશય ગરમી છે. અહો! મારું ચિદાનંદસ્વરૂપ સહજ શીતળ આનંદકંદ છે તેની ભાવના વગર મેં અત્યાર સુધી આવાં આવાં નરકનાં દુઃખો અનંતવાર ભોગવ્યાં. હવે મારા ચૈતન્યની ભાવનાથી મારે એ દુઃખ ફરીને ભોગવવાં નથી. અહો! અહીંની ઠંડી-ગરમીની તો નરક આગળ શી ગણતરી? ત્યાં તો અનંતી ઠંડી અને અનંતી ગરમી છે. ત્યાંની ગરમીમાં લોઢાના ગોળા ઘીની જેમ ઓગળી જાય છે.

આત્મા અનંત શાંત અનાકુળ સ્વરૂપ છે. તેનો અનાદર કરીને તીવ્ર પાપ પરિણામ કર્યાં. તેના ફળમાં આવી અનંત પ્રતિકૂળતાનો સંયોગ મળે છે.

અનંત શાંતિનો પિંડ એવો જે સ્વભાવ, તેનો આદર જેણે ન કર્યો તેણે અનંત વિકારનો આદર કર્યો અને તેણે સ્વભાવની અનંત શાંતિની પ્રાપ્તિ ન કરી, ત્યાં બહારમાં અનંતી અશાંતિમાં નિમિત્ત થાય એવો સંયોગ પ્રાપ્ત થાય છે. જુઓ, મિથ્યાદૃષ્ટિને જ

**તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,**
**નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭. –શ્રી નિયમસાર**

નરકનું આયુષ્ય બંધાય છે. ધર્મીને કદાચ પૂર્વે આયુષ્ય બંધાઈ ગયું હોય અને નરકમાં જાય તોપણ ત્યાં તેને અજ્ઞાની જેવું તીવ્ર વેદન નથી.

જુઓ, નરક-સ્વર્ગ બધું શાશ્વત છે. તેને ન માને તે તો નાસ્તિક છે. સ્વર્ગનું સ્થાન, તેની અનુકૂળ સામગ્રી, તેના કારણરૂપ પુણ્ય-પરિણામ, તેમ જ નરકનું સ્થાન, તેની પ્રતિકૂળ સામગ્રી તથા તેના કારણરૂપ પાપ પરિણામ—એ બધું જગતમાં છે. તેમાં નરકનું આયુષ્ય તો અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને જ બંધાય છે. નરકમાં મહા દુર્ગંધ હોય છે, તેમ જ નારકી જીવો પરસ્પર વેરના સંસ્કારથી એક બીજાને છેદન-ભેદન કરે છે. અગ્નિમાં શેકે છે.

પ્રતિકૂળ સંયોગ મળ્યો તે તીવ્ર અશાતાના ઉદયથી, અને અશાતા કર્મ વિભાવથી બંધાયું, તે વિભાવ સ્વભાવના અનાદરથી થયો. જે સ્વભાવનું ભાન કરીને તેનો આદર કરે તેવા જીવને આવો તીવ્ર વિભાવ થાય નહિ, આવું અશાતાકર્મ બંધાય નહિ અને તેને આવો નરકનો સંયોગ હોય નહિ, નરકમાં ઉપમા રહિત દુઃખ છે. જુઓ તો ખરા! અનુપમ એવા ચૈતન્યનો જેણે અનાદર કર્યો તેના દુઃખને પણ અનુપમ કહ્યું, જેણે આત્માની અનંતી અનુપમ શાંતિનો અનાદર કર્યો તે જ જીવ નરકનાં દુઃખને વેદે છે અને કેવળી જ તેને જાણે છે, માટે તેનું દુઃખ પણ અનુપમ છે. સ્વભાવનું ભાન કરે તો સ્વભાવની શાંતિ અનુપમ છે, અને ઊંધો પડ્યો તેને નરકનું દુઃખ પણ અનુપમ છે. આમ વિચાર કરીને ધર્મી જીવ પોતાનો સંવેગ—વૈરાગ્ય વધારે છે.

વળી નરકનાં દુઃખ વિશેષ વર્ણવે છે :—

छिज्जइ तिल-तिल-मित्तं भिंदिज्जइ तिल-तिलंतरं सयलं ।
वज्जग्गिए कढिज्जइ णिहप्पए पूय-कुंडम्हि ।।३६।।

**અર્થ** :—જ્યાં તલતલ જેટલાં છેદવામાં આવે છે, સકલ અર્થાત્ ખંડને પણ તલતલ જેટલાં ભેદવામાં આવે છે, વજ્રાગ્નિમાં પકાવવામાં આવે છે તથા રુધિરના કુંડમાં નાખવામાં આવે છે. ૩૬.

ટોપરાને ખમણીથી ખમણે, તેમ નરકમાં શરીરના તલ-તલ જેવડા ટુકડા કરે છે; જેણે ઊંધી શ્રદ્ધાથી અખંડ ચિદાનંદસ્વભાવને ખંડ ખંડ કરી નાખ્યો છે તેને બહારમાં

**આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,**
**—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮. –શ્રી નિયમસાર**

દેહના ખંડ ખંડ થઈ જાય તેવો સંયોગ મળે છે. વળી મહા વજ્ર અગ્નિમાં તેને પકાવી નાખે છે; ને લોહી-પરૂના કુંડમાં તેને નાખે છે. જુઓ તીર્થંકરો આવી ભાવના ભાવે છે. વર્તમાનમાં તેમને આવો સંયોગ હોતો નથી, પણ તેનો વિચાર કરીને પોતે પોતામાં વૈરાગ્યની વૃદ્ધિ કરે છે. નરકના દુઃખની આવી વાત સાંભળતાં ધર્મી જીવને એમ ત્રાસ થતો નથી કે અરેરે! આપણે આવા નરકમાં જવું પડશે!! ધર્મી તો નિઃશંક છે કે હવે અમારે ભવ-ભ્રમણનો અંત આવ્યો, હવે અમે અલ્પકાળે મુક્તિ પામવાના છીએ, આવા દુઃખનો સંયોગ અમને કદી થવાનો નથી. અધૂરાશ રહી જાય તો એકાદ ભવ સ્વર્ગનો થાય, પણ નરકાદિના ભવ હવે થવાના નથી. જે ચૈતન્યની ભાવના ભાવે તેને નરકમાં જવાનું હોય નહિ.

(ક્રમશઃ) ❊

## શ્રી નાટક સમયસાર
## બંધ અધિકારનો સાર

જોકે સિદ્ધાલયમાં અનંત કાર્મણ વર્ગણાઓ ભરેલી છે તોપણ સિદ્ધ ભગવાનને કર્મનો બંધ થતો નથી, અરિહંત ભગવાન યોગ સહિત હોવા છતાં અબંધ રહે છે, પ્રમાદ વિના હિંસા થઈ જવા છતાં મુનિઓને બંધ થતો નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ અસંયમી હોવા છતાં પણ બંધ રહિત છે. એથી સ્પષ્ટ છે કે કાર્મણ વર્ગણાઓ, યોગ, હિંસા અને અસંયમથી બંધ થતો નથી, કેવળ શુભ—અશુભ અશુદ્ધોપયોગ જ બંધનું કારણ છે. અશુદ્ધ ઉપયોગ રાગ-દ્વેષ-મોહરૂપ છે અને રાગ-દ્વેષ-મોહનો અભાવ સમ્યગ્દર્શન છે, માટે બંધનો અભાવ કરવા માટે સમ્યગ્દર્શનની સંભાળ કરવી જોઈએ. એમાં પ્રમાદ કરવો ઉચિત નથી કેમ કે સમ્યગ્દર્શન જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોનો દાતા છે. આ સમ્યગ્દર્શન વિપરીત અભિનિવેશ રહિત હોય છે. મેં કર્યું, મારું છે, હું ઈચ્છું તે કરીશ, એ મિથ્યાભાવ સમ્યગ્દર્શનમાં હોતો નથી. એમાં શરીર, ધન, કુટુંબ અથવા વિષય-ભોગથી વિરક્તભાવ રહે છે અને ચંચળ ચિત્તને વિશ્રામ મળે છે. સમ્યગ્દર્શન જાગૃત થતાં વ્યવહારની તલ્લીનતા રહેતી નથી, નિશ્ચયનયના વિષયભૂત નિર્વિકલ્પ અને નિરુપાધિ આત્મરામનું સ્વરૂપ—ચિંતવન હોય છે અને મિથ્યાત્વને આધીન થઈને સંસારી આત્મા જે અનાદિકાળથી ઘાણીના બળદની જેમ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો હતો તેને વિલક્ષણ શાંતિ મળે છે. સમ્યગ્જ્ઞાનીઓને પોતાનો ઈશ્વર પોતાનામાં જ દેખાય છે, અને બંધના કારણોનો અભાવ થવાથી તેમને પરમેશ્વરપદ પ્રાપ્ત થાય છે.

# શ્રાવકનાં બાર વ્રત

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પોતાના આંગણે મુનિરાજને દેખતાં ધર્માત્માને ઘણો આનંદ થાય છે. શ્રાવકને આઠ પ્રકારના કષાયના અભાવથી સમ્યક્ત્વપૂર્વક જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલો મોક્ષમાર્ગ છે. આવો મોક્ષમાર્ગ હોય ત્યાં ત્રસહિંસાના પરિણામ હોતા નથી. ભાઈ! આત્માના ખજાના ખોલવા માટે આવો અવસર મળ્યો તેમાં વિકથામાં વખત ગુમાવવાનું કેમ પાલવે? સમ્યક્ત્વસહિત અંશે વીતરાગભાવપૂર્વક શ્રાવકપણું શોભે છે.

પાંચમી ગાથામાં પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત ને ચાર શિક્ષાવ્રત એમ જે બાર વ્રત કહ્યાં તે ક્યા છે? તે બતાવીને તેનું પાલન કરવાનું કહે છે—

(શાર્દૂલવિક્રીડિત)

हन्ति स्थावरदेहिनः स्वविषये सर्वान्त्रसान् रक्षति,
ब्रते सत्यमचौर्यवृत्तिमबलां शुद्धां निजां सेवते।
दिग्देशव्रत दण्डवर्जनमतः सामायिकं प्रौषधं
दानं भोगयुगप्रमाणमुररी कुर्याद गृहीत व्रती।।६।।

અર્થ :—વ્રતી શ્રાવક પોતાના પ્રયોજનના વશે સ્થાવર પ્રાણીઓનો ઘાત કરતો હોવા છતાં પણ સર્વ ત્રસ જીવોની રક્ષા કરે છે, સત્ય વચન બોલે છે, ચૌર્યવૃત્તિ (ચોરી)નો પરિત્યાગ કરે છે, શુદ્ધ પોતાની જ સ્ત્રીનું સેવન કરે છે, દિગ્વ્રત અને દેશવ્રતનું પાલન કરે છે; તથા અનર્થદંડ (પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુતિ અને પ્રમાદચર્યા)નો પરિત્યાગ કરે છે; તથા સામાયિક, પ્રૌષધોપવાસ, દાન (અતિથિ સંવિભાગ) અને ભોગોપભોગ પરિમાણનો સ્વીકાર કરે છે. ૬.

દેશવ્રતી શ્રાવકને જો કે પ્રયોજનવશ (—આહાર વગેરેમાં) સ્થાવર જીવોની હિંસા હોય છે પરંતુ સમસ્ત ત્રસ જીવોની તે રક્ષા કરે છે, સત્ય બોલે છે, અચૌર્યવ્રત પાળે છે, શુદ્ધ સ્વસ્ત્રીના સેવનમાં સંતોષ એટલે કે પરસ્ત્રીસેવનનો ત્યાગ તેને હોય છે. તથા પાંચમું વ્રત પરિગ્રહની મર્યાદા તે પણ શ્રાવકને હોય છે. હજી મુનિદશા નથી એટલે સર્વ

**સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,**
**તે જીવ છે આલોચના—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.** **–શ્રી નિયમસાર**

પરિગ્રહનો ભાવ છૂટ્યો નથી પણ તેની મર્યાદા આવી ગઈ છે. પરિગ્રહમાં ક્યાંય સુખ નથી એવું ભાન છે ને 'કંઈ પણ પરદ્રવ્ય મારું નથી, હું તો જ્ઞાનમાત્ર છું' એવી અંતર્દષ્ટિમાં તો સર્વ પરિગ્રહ છૂટેલો જ છે, પણ ચારિત્ર અપેક્ષાએ હજી ગૃહસ્થને સર્વ પરિગ્રહ છૂટ્યો નથી. મિથ્યાત્વનો પરિગ્રહ છૂટ્યો છે ને બીજા પરિગ્રહની મર્યાદા થઈ ગઈ છે. આ રીતે પાંચ અણુવ્રત ગૃહી–શ્રાવકને હોય છે; તથા દિગ્વ્રત, દેશવ્રત અને અનર્થદંડના ત્યાગરૂપ વ્રત એ ત્રણ ગુણવ્રત હોય છે; ને સામાયિક, પ્રૌષધોપવાસ, દાન અર્થાત્ અતિથિસંવિભાગ અને ભોગોપભોગપરિમાણ એ ચાર શિક્ષાવ્રત હોય છે.—આ પ્રમાણે શ્રાવકને બાર વ્રત હોય છે. આ વ્રત પુણ્યનો હેતુ છે–એ વાત પાંચમી ગાથામાં કહી ગયા છે.

ચાર અનંતાનુબંધી અને ચાર અપ્રત્યાખ્યાની એ આઠ કષાયના અભાવથી શ્રાવકને સમ્યક્ત્વપૂર્વક જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલો મોક્ષમાર્ગ છે; આવો મોક્ષમાર્ગ પ્રગટ્યો હોય ત્યાં ત્રસહિંસાના પરિણામ હોતાં નથી. આત્મા પરજીવને મારી શકે કે જીવાડી શકે એવી બહારની ક્રિયાના કર્તૃત્વની આ વાત નથી, પણ અંદર એવા હિંસાના પરિણામ જ તેને થતા નથી. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયની મર્યાદા પોતાની વસ્તુના પ્રવર્તનમાં જ છે, કોઈ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પરમાં પ્રવર્તન થતું નથી.—આવા વસ્તુસ્વરૂપના ભાનપૂર્વક અંદરમાં કંઈક સ્થિરતા થાય ત્યારે વ્રત હોય; ને તેને શ્રાવકપણું કહેવાય. આવા શ્રાવકને ત્રસહિંસાનો તો સર્વથા ત્યાગ હોય, ને સ્થાવરહિંસાની પણ મર્યાદા હોય.—એવું અહિંસાવ્રત હોય છે.

એ જ રીતે સત્યના ભાવ હોય ને અસત્યનો ત્યાગ હોય, ચોરીનો ત્યાગ હોય; પરસ્ત્રીનો ત્યાગ હોય ને સ્વસ્ત્રીમાં સંતોષ, અને તે પણ શુદ્ધ હોય ત્યારે, એટલે કે ઋતુમતી–અશુદ્ધ હોય ત્યારે તેનો પણ ત્યાગ,—આ પ્રકારનું એકદેશ બ્રહ્મચર્ય હોય; તથા પરિગ્રહની કંઈક મર્યાદા હોય; આ પ્રમાણે શ્રાવકને પાંચ અણુવ્રત હોય છે.

પાંચ અણુવ્રત ઉપરાંત શ્રાવકને ત્રણ ગુણવ્રત પણ હોય છે :—

પ્રથમ દિગ્વ્રત એટલે દશે દિશામાં અમુક મર્યાદા સુધી જ ગમન કરવાની જીવનપર્યંત પ્રતિજ્ઞા કરવી તે;

બીજુ દેશવ્રત એટલે, દિગ્વ્રતમાં જે મર્યાદા બાંધી છે તેમાં પણ અમુક કાળ સુધી

**છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,**
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦. –શ્રી નિયમસાર**

અમુક ક્ષેત્રની બહાર ન જવાનો નિયમ કરવો તે;

ત્રીજુ અનર્થદંડપરિત્યાગવ્રત એટલે વગર પ્રયોજને પાપકાર્ય કરવાનો ત્યાગ; તેના પાંચ પ્રકાર—અપધ્યાન, પાપનો ઉપદેશ, પ્રમાદચર્યા, જેનાથી હિંસા થાય એવા શસ્ત્ર વગેરેનું દાન અને દુઃશ્રુતિ–જેનાથી રાગદ્વેષની વૃદ્ધિ થાય એવી દુષ્ટ કથાઓનું શ્રવણ, તે ન કરે. આ રીતે શ્રાવકને ત્રણ ગુણવ્રત હોય છે.

વળી ચાર શિક્ષાવ્રત હોય છે—

સામાયિક—એટલે પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક દરરોજ પરિણામને અંતરમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કરે.

પ્રૌષધઉપવાસ—આઠમ–ચૌદસના દિવસોમાં શ્રાવક ઉપવાસ કરીને પરિણામને વિશેષ એકાગ્ર કરવાનો પ્રયોગ કરે. બધો આરંભ છોડીને ધર્મધ્યાનમાં જ આખો દિવસ વ્યતીત કરે.

દાન—પોતાની શક્તિઅનુસાર યોગ્યવસ્તુનું દાન કરે; આહારદાન, શાસ્ત્રદાન, ઔષધદાન, અભયદાન—એ પ્રમાણે ચાર પ્રકારનાં દાન શ્રાવક કરે. તેનું વિશેષ વર્ણન આગળ કરશે. અતિથિ પ્રત્યે એટલે મુનિ કે ધર્માત્મા શ્રાવક પ્રત્યે બહુમાનપૂર્વક આહારદાનાદિ કરે, શાસ્ત્રો આપે, જ્ઞાનનો પ્રચાર કેમ વધે–એવી ભાવના તેને હોય. આને અતિથિસંવિભાગવ્રત પણ કહેવાય છે.

ભોગોપભોગપરિમાણવ્રત—એટલે ખાવાપીવાની વગેરે જે વસ્તુ એકવાર ઉપયોગમાં આવે તેને ભોગસામગ્રી કહેવાય, ને વસ્ત્રાદિ જે સામગ્રી વારંવાર ઉપયોગમાં આવે તેને ઉપભોગસામગ્રી કહેવાય, તેનું પ્રમાણ કરે, મર્યાદા કરે. તેમાંથી સુખબુદ્ધિ તો પહેલેથી છૂટી ગઈ છે કેમકે જેમાં સુખ માને તેની મર્યાદા ન હોય.

આ રીતે પાંચ અણુવ્રત ને ચાર શિક્ષાવ્રત—એ પ્રમાણે બાર વ્રત શ્રાવકને હોય છે. આ વ્રતોમાં જે શુભવિકલ્પ છે તે તો પુણ્યબંધનું કારણ છે ને તે વખતે જેટલી શુદ્ધતા વર્તે છે તે સંવર-નિર્જરા છે. જ્ઞાયક આત્મા રાગના એક અંશનોય કર્તા નથી, ને રાગના એક અંશથીય તેને લાભ નથી–એવું ભાન ધર્મીને વર્તે છે. જો જ્ઞાનમાં રાગનું કર્તૃત્વ માને કે રાગથી લાભ માને તો મિથ્યાત્વ છે. સમ્યક્ત્વપૂર્વકના શુભરાગમાં પાપથી બચ્યો

**અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને**
**ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.** –**શ્રી નિયમસાર**


તેટલો લાભ કહેવાય, પણ ધર્મનો લાભ તે શુભરાગમાં નથી. ધર્મનો લાભ તો જેટલો વીતરાગભાવ થયો તેટલો જ છે. સમ્યક્ત્વ સહિત અંશે વીતરાગભાવપૂર્વક શ્રાવકપણું શોભે છે.

ભાઈ, આત્માના ખજાના ખોલવા માટે આવો અવસર મળ્યો, તેમાં વિકથામાં, કુથલીમાં ને પાપાચારમાં વખત ગુમાવવાનું કેમ પાલવે? સર્વજ્ઞપરમાત્માએ કહેલો આત્માનો શુદ્ધસ્વભાવ લક્ષમાં લઈને વારંવાર તેને અનુભવવાનો ને તેમાં એકાગ્રતાનો અખતરો કર. લોકોમાં મમતાવાળા જીવો ભોજનાદિ સર્વપ્રસંગે સ્ત્રી–પુત્રાદિને મમતાથી યાદ કરે છે, તેમ ધર્મના પ્રેમવાળો જીવ ભોજનાદિ સર્વપ્રસંગે પ્રેમપૂર્વક ધર્માત્માને યાદ કરે છે કે મારા આંગણે કોઈ ધર્માત્મા કે કોઈ મુનિરાજ પધારે તો તેમને ભક્તિથી જમાડીને પછી હું જમું. ભરત ચક્રવર્તી જેવા ધર્માત્મા પણ ભોજન સમયે રસ્તા ઉપર આવી કોઈ મુનિરાજના આગમનની પ્રતીક્ષા કરતા, ને મુનિરાજ પધારતાં પરમ ભક્તિપૂર્વક આહારદાન કરતા. અહા! જાણે આંગણે કલ્પવૃક્ષ ફળ્યું, એથી પણ વિશેષ આનંદ મોક્ષમાર્ગસાધક મુનિરાજને પોતાના આંગણે દેખીને ધર્માત્માને થાય છે. પોતાને રાગરહિત ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ છે ને સર્વસંગત્યાગની બુદ્ધિ છે ત્યાં ગૃહસ્થને આવા શુભભાવ આવે છે. તે શુભરાગની મર્યાદા જેટલી છે તેટલી તે જાણે છે. અંતરનો મોક્ષમાર્ગ તો રાગથી પાર ચૈતન્યસ્વભાવના આશ્રયે પરિણમે છે, શ્રાવકના વ્રતમાં એકલા શુભરાગની વાત નથી. જે શુભરાગ છે તેને તો જૈનશાસનમાં પુણ્ય કહ્યું છે ને તે વખતે શ્રાવકને જેટલી શુદ્ધતા સ્વભાવના આશ્રયે વર્તે છે તેટલો ધર્મ છે, તે પરમાર્થવ્રત છે, ને તે મોક્ષનું સાધન છે—એમ જાણવું.

---

જડની ક્રિયા જડના કારણે થાય છે પણ ધર્મીને પોતાના કારણે શુભરાગના કાળે શુભરાગ આવે છે પણ તે ધર્મ નથી. શુભરાગના અવલંબને ધર્મ થતો નથી. શુભરાગના કાળે સ્વઅવલોકન માત્ર ધાર્મિક ક્રિયા છે. આત્મા બહારની ચીજોને લાવી કે છોડી શકતો નથી. રાગના કારણે પરની પર્યાય થાય નહીં તેમ જ રાગથી ધર્મ થાય નહીં. ચિદાનંદ પદનું અવલોકન કરે તેટલો ધર્મ છે.

ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને
—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨. –શ્રી નિયમસાર



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૬

જ્ઞાન–વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે; રાગ સિંચવાથી દુ:ખ મળશે. માટે જ્ઞાન–વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ. ૧૬.

અહીં કહે છે કે—

**‘જ્ઞાન-વૈરાગ્યરૂપી પાણી અંદર સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે;’**

અહા નાથ! તું કેવડો છે પ્રભુ? એ તને ખબર નથી. તારું સ્વરૂપ અંદર પૂર્ણ આનંદ ને જ્ઞાનથી ભરેલું છે; તેનું જ્ઞાન અને પરના રાગનો અભાવ—એવાં જ્ઞાન ને વૈરાગ્ય અંદર સિંચવાથી, જેમ ઝાડને પાણી સિંચવાથી ફળ મળે તેમ, અતીન્દ્રિય આનંદરૂપી અમૃત મળશે. તું પૂર્ણ આનંદનો સાગર, તેને અરેરે! આટલા શરીરમાં ને રાગમાં રોકી દીધો. દયા, દાન, પૂજા ને ભક્તિ અને વિષયવાસનાના વિકલ્પોની મીઠાશમાં રોકાઈ ગયો! અહા! સર્વોત્કૃષ્ટ એવા નિજ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન અને વૈરાગ્ય—પર તરફથી ઉદાસ; સ્વભાવમાં રક્ત અને રાગથી વિરક્ત; એમ અંદર સિંચવાથી અમૃત મળશે. અહીં અસ્તિપણાથી જ્ઞાન ને નાસ્તિપણાથી વૈરાગ્ય—એમ બેઉની મૈત્રી કહી છે.

સમયસારની ટીકામાં—કળશમાં—જ્ઞાન ને વૈરાગ્યની (જ્ઞાનનય ને ક્રિયાનયની) મૈત્રી કહી છે ને! જે પુરુષ અનેકાંતમય આત્માને જાણે છે (-અનુભવે છે) તથા સુનિશ્ચળ સંયમમાં વર્તે છે (-રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરે છે), એ રીતે જેણે જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધી છે, તે જ પુરુષ આ જ્ઞાનમાત્ર નિજભાવમયી ભૂમિકાનો આશ્રય કરનાર છે.

જેના અતીન્દ્રિય આનંદ-રસના એક અંશના સ્વાદ આગળ ઇંદ્રના—ઇંદ્રાણી સંબંધી તથા કરોડો અપ્સરાઓ સંબંધી—ભોગ સડેલાં ગધેડાં ને મીંદડાં જેવા લાગે એવા આ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માનું અંતરમાં જ્ઞાન ને વૈરાગ્ય કરવાથી એ આનંદ-અમૃત મળે. આવી વાત છે ભાઈ! આવી વાત લાવ્યા ક્યાંથી? અત્યાર સુધી તો એવું સાંભળતાં

> **વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે**
> **તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩. –શ્રી નિયમસાર**

કે, પડિકમણું કરો, તસ્સુત્તરી કરો, સામાયિક કરો; જાઓ, ધર્મ થઈ ગયો. આઠમ-ચૌદશના પોસા કરો. એ બધું તો ભાઈ! રાગની ક્રિયા છે. પ્રભુ આત્મા તો રાગની ક્રિયાથી ભિન્ન અંદર બિરાજે છે. તેનું જ્ઞાન ને વૈરાગ્ય કરવાથી અમૃત મળશે. ક્રિયાના પરિણામથી તો રાગ-ઝેર ફળશે. આકરું કામ છે ભાઈ!

ભલે દુકાન ને બાયડી-છોકરાં છોડી જંગલમાં વસતો હોય; પંચ મહાવ્રતના પરિણામ હોય; પણ એ બધું ઝેર છે—દુઃખ છે. તેનું ફળ પણ દુઃખ છે. ચૈતન્યસ્વરૂપ આત્માનું જ્ઞાન ને વૈરાગ્ય કરવાથી અંદર પર્યાયમાં તને અમૃત ફળશે. શક્તિમાં અમૃત છે તે પર્યાયમાં ફળશે. તને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ મળશે. એવો આનંદ ત્રણ લોકમાં બીજે ક્યાંય—ખીર, દૂધપાક વગેરે ઇંદ્રિયોના વિષયમાં—નથી. તને ખબર નથી કે તું શું વેદે છે પ્રભુ! તું દુઃખ ને ઝેર વેદે છે. પાગલ થઈ ગયો છે બાપુ! છે દુઃખનું વેદન, ને માને છે સુખનું વેદન! એ મિથ્યા ભ્રમ—અજ્ઞાન છે.

અહા! જ્ઞાન ને વૈરાગ્યરૂપી પાણી સિંચવાથી અમૃત મળશે, તારા સુખનો ફુવારો છૂટશે. આંબાને ખામણું કરીને પાણી સિંચે છે, એમ અહીં સુખસિંધુ ભગવાન આત્માનું જ્ઞાન, અને પરનો—રાગનો અભાવ, એવું પાણી સિંચવાથી પ્રભુ! તને અમૃતરૂપ ફળ મળશે. શુભાશુભભાવ એ બધા ઝેર છે. અશુભ ભાવ તો ઝેર છે જ, પણ અમૃતસ્વરૂપની આગળ શુભભાવને પણ ઝેર કહ્યો છે, વિષકુંભ કહ્યો છે. સમયસારના મોક્ષ અધિકારમાં શુભને ઝેરનો ઘડો કહ્યો છે. ભગવાન અમૃતનો સિંધુ, ત્યારે પુણ્ય-પાપ વિષનો—ઝેરનો ઘડો. અહા! બીજું આવડે કે ન આવડે એની સાથે સંબંધ નથી.

પ્રભુ! તું જ્ઞાન ને વૈરાગ્ય પ્રગટ કર, તારા સુખનો ફુવારો છૂટશે. પાતાળમાં પાણી ભર્યાં હોય અને પથ્થરનું છેલ્લું પડ ફૂટતાં શેડ નીકળે તેમ ચૈતન્યપાતાળ અંદર ફૂટતાં અતીન્દ્રિય આનંદનો ફુવારો ઊડશે. મુનિરાજ કહે છે :—અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિ કેમ થાય એવો એનો પ્રયત્ન ધ્રુવ સ્વભાવ ઉપર રહ્યા જ કરે છે ભાઈ! મુનિપણું કોને કહીએ બાપુ! આકરી વાત છે!

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.** **–શ્રી નિયમસાર**

અહા! જ્ઞાન ને વૈરાગ્યની એકતાથી સ્વભાવમાંથી જ્ઞાન ને આનંદ ફાટશે, અમૃતનો ફુવારો છૂટશે, સુખામૃતની ધારા વહેશે. જુઓ, આ અનુભવ! સાધક સ્વભાવ આનું નામ છે. આનું નામ પરમાત્માનો ધર્મ છે. ત્રણ લોકના નાથ શ્રી જિનેન્દ્રદેવ આમ ફરમાવે છે પ્રભુ! તું અમૃતનો ભંડાર છો; ને તેનું જ્ઞાન ને રાગનો અભાવ–એવી સ્થિતિ થવાથી અંદર અમૃતનો—આનંદનો—ફુવારો છૂટશે.

આવી વાત કોઈ દિવસ સાંભળી ન હોય તેને એમ લાગે કે આ તે શું? આવો શું જૈનનો—વીતરાગનો—મારગ હશે? લોકોએ બહારની ક્રિયામાં, પ્રવૃત્તિમાં ને રાગમાં જૈનધર્મ માની લીધો છે. ધર્મ તો વીતરાગ માર્ગ છે બાપુ! અંદર ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો સાગર છે, સુખનું પાતાળ છે, તેનું જ્ઞાન ને રાગનો અભાવ—વૈરાગ્ય થતાં તને અંતરમાંથી આનંદનો ફુવારો છૂટશે. તેનું નામ વીતરાગ ધર્મ અને તેનું નામ મોક્ષનો માર્ગ છે.

**'રાગ સિંચવાથી દુઃખ મળશે.'**

ચાહે તો દયાનો, વ્રતનો, પૂજા-ભક્તિનો કે પ્રમાણ-નય-નિક્ષેપનો વિકલ્પ હો, પણ છે તે બધો રાગભાવ; તે રાગનું સિંચન કરવાથી તો દુઃખ થશે, ભાઈ! ત્યાં સુખ નહિ ફળે. ભાષા બહુ સાદી, પણ ભાવ તો બહુ ઊંચા છે. જગતનાં ભાગ્ય—આવી ભાષાનું પુસ્તક બહાર આવી ગયું! સાદું...સાદું...તદ્દન સાદું.

રાગ સિંચવાથી દુઃખ મળશે. અહીં અસ્તિ-નાસ્તિથી વાત કરી. સ્વરૂપનું જ્ઞાન ને પરથી–રાગથી–ઉદાસ, તેનાથી અમૃત ફળશે; અને શુભાશુભ રાગથી તો દુઃખ ફળશે.

**'માટે જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ.'**

કોળાંની વેલડીમાં અધમણ-અધમણનાં કોળાં પાકે છે, જેમાંથી કોળાપાક થાય છે; તેમ તું શરીરપ્રમાણ આનંદ ને જ્ઞાનની વેલડી છો; તેને જ્ઞાન-વૈરાગ્યનું જળ સિંચવાથી અંદર આનંદના—અમૃતના પાક ફાલશે. અહા! આવી વાત છે; સાંભળ તો ખરો! તારા ઘરમાં જવાની રીત આ છે બાપુ! વીતરાગનો માર્ગ આખા જગતથી જુદી જાતનો છે ભાઈ! એના વિના તને ક્યાંય સુખ નહિ મળે. પૂર્ણ અપરિમિત આનંદ આદિ સ્વભાવમાં—જ્ઞાનમાં—એકાગ્ર થવું તે જ્ઞાન, રાગથી છૂટવું તે વૈરાગ્ય—એવી અંદર સાધના કર; તો તને મુક્તિરૂપી અમૃત મળશે, દુઃખથી પૂર્ણ છૂટી જઈશ, અને અસ્તિથી પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે. તેનું નામ પરમાનંદનો લાભ એટલે કે મોક્ષ છે. આવી વાત છે!　　　　(ક્રમશઃ) ❋



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—પ્રથમ ભેદજ્ઞાન દેહાદિકથી કરવું કે રાગાદિકથી ?

પૂજ્ય બહેનશ્રી :—સાચું ભેદજ્ઞાન અંતરમાં રાગાદિકથી થાય છે. તેનાં ક્રમમાં એમ બોલાય કે પહેલું શરીરથી ભેદજ્ઞાન કરવું અને પછી રાગાદિથી ભેદજ્ઞાન કરવું. પણ તે બંને એકસાથે જ થાય છે. આ શરીરથી ભેદજ્ઞાન થાય એ સ્થૂલ છે. અંદર રાગાદિકથી ભેદજ્ઞાન થાય તે જ ખરું—વાસ્તવિક છે. પણ હજી સ્થૂલથી ભેદજ્ઞાન નથી થયું તો રાગાદિથી ભેદજ્ઞાન ક્યાંથી થાય ? એટલે પહેલાં સ્થૂલથી ભેદજ્ઞાન કરાવે છે કે આ શરીર દેખાય છે એ તો જડ છે, એ કાંઈ જાણતું નથી, માટે તેનાથી પહેલાં જુદો પડ, પછી રાગાદિકથી જુદો પાડે છે.

શ્રોતા :—રાગાદિને જુદા પાડવાનો પ્રયોગાત્મક પ્રકાર સમજાવવા કૃપા કરશો.

પૂજ્ય બહેનશ્રી :—તેણે જ્ઞાનસ્વભાવને ઓળખવો, જ્ઞાનસ્વભાવ તો ખ્યાલમાં આવે એવો છે. જ્ઞાનસ્વભાવ શાંતિથી ભરેલો આનંદમય છે તેને લક્ષમાં લેવો. આનંદનો અનુભવ ભલે નથી, પણ તેને પ્રતીતમાં લેવો, વિચાર કરતાં પ્રતીતમાં આવે તેવો છે. આત્મા જ્ઞાનસ્વભાવથી પ્રતીતમાં લેવા જેવો છે. આત્મા કેવો છે તે ગુરુદેવ બતાવે છે, શાસ્ત્રમાં આવે છે. આત્મા જ્ઞાન લક્ષણથી લક્ષમાં આવે છે. રાગ રાગને જાણતો નથી, તેને જાણનારો જુદો છે. જુદો જાણનારો શાશ્વત રહેનારો છે. રાગની બધી પર્યાયો ચાલી જાય છે, પણ જાણનારો તો એમ ને એમ ઊભો રહે છે. એમ ને એમ ઊભો રહેનારો તે હું છું. નાનપણથી અત્યાર સુધીના બધા રાગાદિ તો ચાલ્યા ગયા, પણ જાણનારો ઊભો છે અને તે જાણનારો હું છું. આ રીતે જાણનારને જુદો પાડવો. જે જે રાગ–વિકલ્પ આવે તેને જુદો પાડે. તેનો અભ્યાસ ઉગ્ર હોય તો ક્ષણે ક્ષણે રાગને જુદો પાડવાનો અભ્યાસ થાય. બુદ્ધિથી એકવાર રાગને જુદો પાડ્યો અને પછી પહેલાંની જેમ એવો ને એવો થઈ જાય તો તેના અભ્યાસની ખામી છે. ક્ષણે ક્ષણે રાગથી જુદા પાડવાનો અભ્યાસ એમ ને એમ ચાલુ રાખે તો સહજ દશા થવાનો અવસર આવે. પહેલાં તો જ્ઞાનથી પ્રતીતમાં આવે છે.

## બાળ વિભાગ

## શ્મશ્રુનવનીતની કથા

(૧) અહિંસાણુવ્રતમાં યમપાલ ચાંડાલ (૨) સત્યાણુવ્રતમાં ધનદેવ શેઠ (૩) અચૌર્યાણુવ્રતમાં શ્રેણિકપુત્ર વારિષેણ (૪) બ્રહ્મચર્યાણુવ્રતમાં વૈશ્ય પુત્રી નીલી તથા (૫) પરિગ્રહપરિમાણવ્રતને લીધે જયકુમાર પ્રસિદ્ધિ પામ્યા. આ પાંચ અણુવ્રતોની કથાઓ ગતાંકોમાં જોઈ. હવે ઉપરોક્ત પાંચ અણુવ્રતો પૈકી તેના પ્રતિપક્ષીભૂત હિંસાદિ અવ્રતોની કથામાં ધનશ્રી શેઠાણીએ હિંસાને લીધે અનેક પ્રકારનું દુઃખ અનુભવ્યું, અસત્ય બોલવાના કારણે સત્યઘોષ પુરોહિત દુઃખ પામ્યો, તાપસ ચોરીને લીધે દુઃખ પામ્યો. કોટવાળ (યમદંડ) કુશીલ ત્યાગના અભાવે દુઃખ પામ્યો તથા પરિગ્રહત્યાગના અભાવે શ્મશ્રુનવનીત અધિકતર દુઃખ પામ્યો તે કથા આપવામાં આવે છે.

અયોધ્યામાં ભવદત્ત શેઠ અને તેની સ્ત્રી ધનદત્તા હતાં. તેમનો પુત્ર લુબ્ધદત્ત વેપારાર્થે દૂર (દેશ) ગયો. તેનું સ્વયં કમાયેલું (ધન) ચોરોએ લઈ લીધું. પછી બહુ નિર્ધન થઈને ત્યાં માર્ગે જતાં એક દિવસ તેણે ગોવાળિયાઓ પાસે છાશ પીવા માગી. છાશ પીતાં થોડુંક માખણ તેની મૂછ પર લાગ્યું, તેણે તે દેખ્યું અને લઈ લીધું. તેણે વિચાર્યુ : "આનાથી મને વેપાર થશે." આ રીતે તે પ્રતિદિન માખણનો સંગ્રહ કરવા લાગ્યો. જેથી તેનું 'શ્મશ્રુનવનીત' એવું નામ પ્રચલિત થઈ ગયું.

એ પ્રમાણે એક દિવસ પ્રસ્થપ્રમાણ ઘી થતાં, ઘીનું વાસણ પગની આગળ મૂક્યું અને શિયાળામાં ઘાસની ઝૂંપડીનાં બારણે પગની નજીક અગ્નિ સળગાવી બિસ્તરા પર પડી વિચાર કરવા લાગ્યો : "આ ઘીથી બહુ ધન કમાઈને હું વેપારી થઈશ અને ક્રમે–ક્રમે સામન્ત, મહાસામન્ત અને રાજાધિરાજનું પદ પ્રાપ્ત કરીને બધાનો ચક્રવર્તી થઈશ જ્યારે હું મારા સાત માળના મહેલમાં પલંગમાં પોઢીશ, ત્યારે પગ આગળ બેઠેલી મારી સુંદર સ્ત્રી હાથની મુઠ્ઠીથી મારા બે પગ દાબશે. (તે વખતે) "તને પગ દાબતાં આવડતું નથી"—એમ સ્નેહથી કહીને તે સુંદર સ્ત્રીને આવી રીતે પગથી લાત મારીશ."

એમ વિચારીને ચક્રવર્તીના રૂપના આવેશમાં પગ વડે લાત મારી; તેથી તે ઘીનું વાસણ પડી ગયું અને બારણા આગળ સળગાવેલો અગ્નિ તે ઘીથી વધુ પ્રજ્વલિત થયો. બારણું સળગતાં તે બહાર નીકળી શક્યો નહિ, તેથી તે બળીને મરી ગયો અને દુર્ગતિ પામ્યો.

આ પ્રમાણે ઈચ્છાપરિમાણરહિત પાંચમા અવ્રતની કથા છે.

# ફાગણ માસના મંગલ દિવસો

અહીં મંગલ દિવસોનો જે ઉલ્લેખ કરવામાં આવે છે તે આપણા તિથિ-દર્પણના આધારે કરવામાં આવે છે.

| | |
|---|---|
| ફાગણ સુદી-૧ | શ્રી કુંદકુંદ પ્રવચન મંડપનો ૬૯મો વાર્ષિક દિવસ |
| ફાગણ સુદી-૨ | સુવર્ણપુરીના સીમંધર જિનાલયનો પ્રતિષ્ઠા દિવસ |
| ફાગણ સુદી-૭ | મલ્લિનાથ ભગવાનનો મોક્ષ |
| ફાગણ સુદી-૭ | ચંદ્રપ્રભુ ભગવાનનો મોક્ષ તથા સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રાનો દિવસ—પંચમેરુ-નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ |
| ફાગણ સુદી-૮ | સંભવનાથ ભગવાનનો ગર્ભકલ્યાણક |
| ફાગણ સુદી ૮ થી ૧૫ | નંદીશ્વર અષ્ટાહ્નિકા મંગલ પર્વ |
| ફાગણ સુદી-૧૩ | પરમાગમ મંદિર વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ |
| ફાગણ વદી-૧ | સ્વાધ્યાયમંદિર ૐ શિલાપટનો વાર્ષિક દિવસ |
| ફાગણ વદી-૪ | શ્રી અનંતનાથ ભગવાનનો મોક્ષકલ્યાણક |
| ફાગણ વદી-૫ | શ્રી ચંદ્રપ્રભુ ભગવાનનો ગર્ભકલ્યાણક |
| ફાગણ વદી-૮ | શ્રી શીતલનાથ ભગવાનનો ગર્ભકલ્યાણક |
| ફાગણ વદી ૯ | શ્રી ઋષભદેવ ભગવાનનો જન્મ તથા તપ કલ્યાણક |
| ફાગણ વદી-૧૦ | શ્રી મુનિસુવ્રત ભગવાનને કેવળજ્ઞાન કલ્યાણક |
| ફાગણ વદી-૧૦ | પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્જયંતી દિવસ |
| ફાગણ વદી-૧૩ | શ્રી પાર્શ્વનાથ ભગવાનનો કેવળજ્ઞાનકલ્યાણક |
| ફાગણ વદી-૩૦ | શ્રી અનંતનાથ ભગવાનનો કેવળજ્ઞાન કલ્યાણક |
| ફાગણ વદી-૩૦ | શ્રી અરહનાથ ભગવાનનો મોક્ષકલ્યાણક |

આવતા માસમાં ચૈત્ર સુદી-૧૩ શ્રી મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રીનો પરિવર્તન દિવસ છે એ તો ભારતભરમાં પ્રસિદ્ધછે પણ તે ઉપરાંત ચૈત્ર માસમાં બીજો એક દિવસ એવો આવે છે કે તીર્થંકર ભગવાન તે દિવસે જન્મ્યા છે, કેવળજ્ઞાન પણ તે જ દિવસે પામ્યા છે ને મોક્ષ પણ તે દિવસે સમ્મેદશિખરથી પામ્યા છે તો એ ક્યા ભગવાન ? ને દિવસ ક્યો ? તે શોધી શકો તો શાબાશી. ન શોધી શકો તો આવતા અંકમાં અમે બતાવશું. (૨૪ તીર્થંકરોમાં આ એક જ તીર્થંકર એવા છે કે જેમના જન્મ, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક એક જ દિવસે થયા હોય.)

# SMS સ્પર્ધા–૨૦૧૫

**સૌજન્યકર્તા : શ્રી સરોજબેન બળવંતભાઈ ભાયાણી**
**હસ્તે ભાવેશ, કલ્પના, નમન તથા નમિતા, બોરીવલી**

(૧) SMS સ્પર્ધા-૨૦૧૫માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૨૭૫ SMS સ્વહસ્તાક્ષરમાં લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૨-૨૦૧૫ થી ૨૦-૧૨-૨૦૧૫

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૧૫ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.
A વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
B વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૨૫૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૨૭૫ SMS લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૧૫ સુધીમાં સોનગઢ મોકલનાર દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૨૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત ૩૦ વર્ષથી નાના સ્પર્ધકોએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

(૫) SMS સુવિધા શરૂ કરાવવા માટે આપે પોતાના મોબાઈલમાંથી SMS ગુજરાતી ભાષામાં (લીપી અંગ્રેજી) મેળવવા JOIN SDJSMTG અને હિંદી ભાષામાં(લીપી અંગ્રેજી) મેળવવા JOIN SDJSMTH લખી 9220092200 પર SMS કરવો.

SMS સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. 9276867578 પર ફોન કરવો અથવા contact@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

## ચૌદમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત ચૌદમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો મંગલ પ્રારંભ થયો હતો. ચૌદમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરના સૌજન્યનો લાભ શ્રી રમણિકલાલ લાલચંદ દોશી, નરેન્દ્રભાઈ નરોત્તમદાસ બાવીશી હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપર—મુંબઈને મળ્યો હતો.

તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણની યાત્રા કર્યા બાદ સૌ શિબિરાર્થી સોનગઢ આવ્યા હતા અને તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પરમાગમમંદિરમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં શિબિર સૌજન્યકર્તા દ્વારા દેશ-વિદેશના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

બાળકો માટે સવારે દરરોજ સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી ઇષ્ટોપદેશ, સમયસાર કળશ અને બહેનશ્રીનાં વચનામૃત ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. તદુપરાંત શિબિરમાં પંચસ્તરીય શિક્ષણવર્ગો દિવસમાં ત્રણ કલાક લેવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી રાજુભાઈ કામદાર, શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી અતુલભાઈ કામદાર, શ્રી શૈલેષભાઈ ગાંધીએ અધ્યાપન કરાવ્યું હતું. બાળકોમાં બ્ર. કોકિલાબેન-સોનગઢ તથા અમીબેન શાહ-ઘાટકોપર દ્વારા અધ્યાપન કરાવવામાં આવ્યું હતું. આ શિબિરનો ૨૦૦ બાળકો તથા ૧૫૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરનો લાભ લેવા માટે સૌરાષ્ટ્ર તેમજ મુંબઈના પાર્લા, બોરીવલી, મલાડ, ઘાટકોપર, દાદર, વસઈ, મુલુંડ તથા હૈદરાબાદ, શિવપુરી, ઇન્દૌર, અમદાવાદ, રાજકોટ તથા વિદેશોથી પણ શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા રાત્રે ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી, નાટિકા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો દરરોજ રાખવામાં આવ્યા હતા. બધા કાર્યક્રમો દરેકને ઘણા જ પસંદ આવ્યા હતા.

શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, યાત્રાની, આવાસની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરમાં પધારેલા લંડન, નાઈરોબીના મહેમાનો તથા દેશવિદેશના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા મહેમાનો તથા બાળકોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા.

---

## ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૩૪) સુરેન્દ્રનગર (શાંતિનાથ મંદિર)માં તા. ૪-૧-૧૫ના રોજ એક દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૫) જલગાંવ તા. ૧-૧-૧૫ થી ૭-૧-૨૦૧૫ સાત દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૬) શિવપુરીમાં તા. ૪-૧-૧૫ થી ૧૧-૧-૧૫ સિદ્ધચક્ર વિધાન અને આઠ દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૭) સુરતમાં તા. ૧૦-૧-૧૫ થી ૧૨-૧-૧૫ પંચપરમેષ્ઠી વિધાન અને ત્રિદિવસીય દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિર
(૩૮) વઢવાણમાં ૨૨-૧-૧૫ના રોજ એક દિવસીય શિબિર

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલ અધ્યાપકે અધ્યાપન કરાવ્યું હતું.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

* **શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :** સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૫મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૧૩-૨-૨૦૧૫, શુક્રવારથી તા. ૨૦-૨-૨૦૧૫, (ફાગણ સુદ ૨) શુક્રવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાનજિન મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૧મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, શનિવાર, તા. ૨૧-૨-૨૦૧૫ થી ફાગણ સુદ ૭, બુધવાર તા. ૨૫-૨-૨૦૧૫ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

* **ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૬-૨-૨૦૧૫, ગુરુવારથી તા. ૫-૩-૨૦૧૫, ગુરુવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

* **પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :** ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૩-૩-૨૦૧૫ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૨ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

બોટાદનિવાસી શ્રી ઈસ્માઈલી પ્રધાનભાઈ ઠક્કરની સુપુત્રી બ્ર. વિમળાબેન (ઉ.વ. ૮૪) તા. ૧૧-૧૧-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાઘોગઢનિવાસી સ્વ. બાબુલાલજી જૈનના ધર્મપત્ની શ્રીમતી કુસુમબાઈનું ૧૦-૧૨-૨૦૧૪ના રોજ અશોકનગરમાં સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી નવરંગપુરા દિગંબર જૈન મંદિરના પ્રમુખ સ્વ. શ્રી પ્રભાકરભાઈ કામદારના ધર્મપત્ની પુષ્પાબેન કામદાર (ઉ.વ. ૮૮) તા. ૨૫-૧૨-૨૦૧૪ રોજ દેહ પરિવર્તન કરેલ છે.

ભાવનગરનિવાસી (હાલ બોરીવલી) શ્રીમતી સરોજબેન કનુભાઈ ભાયાણી (ઉ.વ. ૭૮) તા. ૧૨-૧૨-૨૦૧૪ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

વઢવાણનિવાસી શ્રી કમલેશભાઈ કોઠારીના ધર્મપત્ની રૂપલબેન (ઉ.વ. ૪૮)નું તા. ૨૩-૧૨-૨૦૧૪ના રોજ દેહાવસાન થયું છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરમ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**શ્રી હિતેષભાઈ દોશી પરિવાર**

**હસ્તે શ્રી સતીષભાઈ દોશી–હિરાનંદાણી, પવઈ–મુંબઈ**

**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૩મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ''ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૩મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧૫-૩-૨૦૧૫ રવિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. ''સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૧૧-૩-૨૦૧૫ બુધવારથી તા. ૧૫-૩-૨૦૧૫ રવિવાર—પાંચદિવસ સુધી, શ્રી 'ચૌસઠઋદ્ધિ મંડળ પૂજન-વિધાન', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના ભક્તિસભર પ્રવચનો, ધાર્મિક શિક્ષણવર્ગ, વિશેષ ભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી હિતેષભાઈ દોશી પરિવાર હસ્તે સતીશભાઈ દોશી-પવઈ-મુંબઈ દ્વારા અતિ આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૧૯-૨-૨૦૧૫ ગુરુવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક

**હિતેષ સતીષભાઈ દોશી પરિવાર–**

**(પવઈ–મુંબઈ)ના જય–જિનેન્દ્ર**

## (૨૧)
# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં આપેલ જવાબમાંથી
સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૪૦૧) જીવના પરિણામ અનુસાર કર્મનું જે બંધન થાય છે તેનો કર્તા .................. છે.
(પુદ્ગલ, જીવ, વિભાવભાવ)

(૪૦૨) તીર્થંકર મુનિને જે પ્રથમ આહારદાન આપે છે, તે નિયમથી તે જ ભવે અથવા.............. ભવે મોક્ષ જાય છે. (ત્રીજા, પાંચમા, સાતમા)

(૪૦૩) કર્તા-કર્મપણું ત્યારે જ બને જ્યાં .................. પણું હોય છે.
(નિમિત્ત-ઉપાદાન, કાર્યકારણ, વ્યાપ્યવ્યાપક)

(૪૦૪) સોનગઢના મુખ્ય જિનાલય ઉપર ..................... ભગવાન બિરાજમાન છે.
(સીમંધરનાથ, શાંતિનાથ, નેમિનાથ)

(૪૦૫) પાંચ અસ્તિકાયમાં ................ દ્રવ્યનો સમાવેશ નથી. (કાળ, પુદ્ગલ, આકાશ)

(૪૦૬) મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે મમત્વબુદ્ધિથી કરૂણા થવી તે ................ છે.
(અગૃહિત મિથ્યાત્વ, ગૃહિત મિથ્યાત્વ, પ્રમાદ)

(૪૦૭) .................. ની કથન શૈલીને સ્યાદ્વાદ કહે છે. (જૈનધર્મ, સતશાસ્ત્ર, અનેકાંત)

(૪૦૮) નવ અનુદિશ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ........... સાગરોપમ છે. (૨૨, ૩૧, ૩૨)

(૪૦૯) સમ્મેદશિખરની ................ ટૂંક ઉપરથી અજિતનાથ ભગવાન મોક્ષ ગયા છે.
(મોહન, ધવલ, સિદ્ધવર)

(૪૧૦) કષાયથી અનુરંજિત યોગને .................. કહે છે. (લેશ્યા, મિથ્યાત્વ, પ્રમાદ)

(૪૧૧) કાળદ્રવ્યનું પોતાનું પરિણમન અન્ય દ્રવ્યના પરિણમનમાં ................. કારણ છે. (ઉપાદાન, નિમિત્ત, પ્રેરક)

(૪૧૨) અહંકાર અને મમકારનો ત્યાગ તેને ..................... કહે છે.
(કાયક્લેશ, વ્યુત્સર્ગ, વિનય)

(૪૧૩) તેર અને ચૌદમું ગુણસ્થાન ................. ના નિમિત્તે છે.
(ચારિત્ર મોહનીય, યોગ, પ્રમાદ)

(૪૧૪) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યમાં ................. ભેદ નથી માટે તેઓ સાથે સંભવી શકે છે.
(કાળ, ક્ષેત્ર, ભાવ)

(૪૧૫) મુનિને ............... કષાયનો રાગ હયાત હોય છે.
(અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનાવરણી, સંજ્વલન)

(૪૧૬) ............... નો કંદમૂળમાં સમાવેશ નથી. (સેવાળ, પાલક, પીપળફળ)
(૪૧૭) ૨૨ અભક્ષ્યમાં ................ સમાવેશ નથી.(ટમેટા, દહીંવડા, વરસાદના કરા)
(૪૧૮) નાનામાં નાનો શરીરવાળો નિગોદનો જીવ ............... પ્રદેશી છે.
(સંખ્યાત, અસંખ્યાત, એક)
(૪૧૯) મનોગુપ્તિને ધારણ કરનાર મુનિને નિયમથી ................ જ્ઞાન હોય છે.
(મનઃપર્યય, અવધિ, મતિ-શ્રુત)
(૪૨૦) વાસુપૂજ્ય ભગવાના વૈરાગ્યનું કારણ ................ હતું.
(ઉલ્કાપાત, મેઘવિનાશ, જાતિસ્મરણ)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી-૨૦૧૫ના ઉત્તર

(૩૮૧) ✗
(૩૮૨) ✗
(૩૮૩) ✗
(૩૮૪) ✗
(૩૮૫) ✗
(૩૮૬) ✗
(૩૮૭) ✗
(૩૮૮) ✓
(૩૮૯) ✗
(૩૯૦) ✗

(૩૯૧) ✗
(૩૯૨) ✓
(૩૯૩) ✓
(૩૯૪) ✗
(૩૯૫) ✓
(૩૯૬) ✓
(૩૯૭) ✗
(૩૯૮) ✗
(૩૯૯) ✓
(૪૦૦) ✗

## (૨૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૪૦૧) જિન આજ્ઞા માને તેને .................... કહેવાય છે.

(૪૦૨) બે અથવા બેથી વધારે પરમાણુઓના બંધને .................. કહે છે.

(૪૦૩) જે શક્તિના કારણે દ્રવ્યનો કદી અભાવ ન થાય તેને ................... ગુણ કહે છે.

(૪૦૪) કાળદ્રવ્ય .................... પ્રદેશી હોય છે.

(૪૦૫) ગુણોના કાર્ય અથવા પરિણમનને ........................ કહેવાય છે.

(૪૦૬) જે શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય થાય છે તેને .................. ગુણ કહે છે.

(૪૦૭) આકાશ દ્રવ્ય ...................... પ્રદેશી હોય છે.

(૪૦૮) જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈ આકાર અવશ્ય હોય છે તેને ................ ગુણ કહે છે.

(૪૦૯) અવગાહન હેતુત્વ આ .................... દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૪૧૦) અસ્તિત્વ, વસ્તુત્વ આદિ છ દ્રવ્યોના ................. ગુણ છે.

(૪૧૧) જીવ દ્રવ્ય ..................પ્રદેશી હોય છે.

(૪૧૨) કાળ દ્રવ્યના ભેદ (૧) .................. અને (૨) ........................ છે.

(૪૧૩) ગતિ હેતુત્વ આ ........................ દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૪૧૪) જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવાના સ્થાન આપે છે તેને ................ દ્રવ્ય કહે છે.

(૪૧૫) જીવના ભેદ બે : (૧) ............... અને (૨) ............................

(૪૧૬) શ્રીરામ ભગવાન ........................ થી મોક્ષ ગયા છે.

(૪૧૭) મનુષ્યોના શરીરને .................. શરીર કહેવાય છે.

(૪૧૮) જગતમાં ક્ષેત્ર અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય ................. દ્રવ્ય છે.

(૪૧૯) .................. રાણી જિનેન્દ્ર ભગવાનની પૂજા વખતે ગજમોતી ચઢાવતી હતી.

(૪૨૦) વાસુપૂજ્ય ભગવાન ...................થી મોક્ષ ગયા છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી–૨૦૧૫ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૩૮૧) | મહાવીર ભગવાન ................. | (૧) | સિંહ |
| (૩૮૨) | સુપાર્શ્વનાથ ભગવાન ................. | (૨) | સ્વસ્તિક |
| (૩૮૩) | અભિનંદનનાથ ભગવાન ................. | (૩) | વાંદરો |
| (૩૮૪) | શીતલનાથ ભગવાન ................. | (૪) | કલ્પવૃક્ષ |
| (૩૮૫) | પાર્શ્વનાથ ભગવાન ................. | (૫) | નાગ (સર્પ) |
| (૩૮૬) | શ્રેયાંસનાથ ભગવાન ................. | (૬) | ગેંડો |
| (૩૮૭) | અરનાથ ભગવાન ................. | (૭) | માછલી |
| (૩૮૮) | પુષ્પદંત ભગવાન ................. | (૮) | મગર |
| (૩૮૯) | અજિતનાથ ભગવાન ................. | (૯) | હાથી |
| (૩૯૦) | ઋષભદેવ ભગવાન ................. | (૧૦) | બળદ |
| (૩૯૧) | નેમિનાથ ભગવાન ................. | (૧૧) | શંખ |
| (૩૯૨) | પદ્મપ્રભુ ભગવાન ................. | (૧૨) | પદ્મ(કમળ) |
| (૩૯૩) | ચંદ્રપ્રભુ ભગવાન ................. | (૧૩) | ચંદ્ર |
| (૩૯૪) | નમિનાથ ભગવાન ................. | (૧૪) | કમળ |
| (૩૯૫) | વાસુપૂજ્ય ભગવાન ................. | (૧૫) | ભેંસો |
| (૩૯૬) | સુમતિનાથ ભગવાન ................. | (૧૬) | ચકવા |
| (૩૯૭) | વિમલનાથ ભગવાન ................. | (૧૭) | ભુંડ |
| (૩૯૮) | મલ્લિનાથ ભગવાન ................. | (૧૮) | કુંભ |
| (૩૯૯) | સંભવનાથ ભગવાન ................. | (૧૯) | ઘોડો |
| (૪૦૦) | શાંતિનાથ ભગવાન ................. | (૨૦) | હરણ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહી. અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૯૭.

✻ મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે. મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે, આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૯૮.

✻ પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર! દૃષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. ૯૯.

✻ ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈજ ફેર નથી. એકવાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૧૦૦.

✻ દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી. અમને તેં ઓળખ્યો નથી. ૧૦૧.

✻ સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહીં. સિંહના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહિ. તેમ જ્ઞાન તેને કહીએ કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે, તે ક્યારે આવે---કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે. ૧૦૨.

✻ જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી. જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૧૦૩.

Posted at Songadh PO
Publish on 1-02-2015
Posted on 1-02-2015

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## શુદ્ધ ઉપયોગ

પ્રશ્ન : શુદ્ધોપયોગ જ્યારે લાવવા માગે ત્યારે સમકિતી લાવી શકે ને ?

સમાધાન : હું શુદ્ધોપયોગ લાવું એવી ઈચ્છા સમકિતીને નથી, ઈચ્છા રાગ છે, ને તેનાથી શુદ્ધોપયોગ આવતો નથી. સ્વભાવ સન્મુખ થતાં ઈચ્છા તૂટી જાય છે. સમકિતીને અકષાય પરિણમન સદાય છે, છઠ્ઠે ગુણસ્થાને અકષાય પરિણમન છે પણ શુદ્ધોપયોગ નથી. ચોથે-પાંચમે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ સદાય છે. પણ શુદ્ધોપયોગ સદાય નથી. સ્વરૂપમાં લીન થતા બુદ્ધિપૂર્વક રાગનો અભાવ થાય તે શુદ્ધોપયોગ છે. સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈ પછી કાળક્રમે શુદ્ધોપયોગ આવે છે. શુદ્ધોપયોગની ભાવના છે પણ શુદ્ધોપયોગને ઈચ્છાપૂર્વક લાવું એવો લોભ સમકિતીને નથી. જ્ઞાનીને ઉપયોગનો પણ લોભ હોતો નથી. સહજ શુદ્ધોપયોગ હોય છે. ઈચ્છા થવી એ ભાવના નથી પણ આસ્રવ છે. જ્ઞાનમાં એકાગ્રતા થવી તે ભાવના છે. પર્યાયનો ક્રમ બદલાવું એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની છે. ક્રમ પલટતો નથી. પુરુષાર્થ ગુણને જુદો પાડીને જ્ઞાની કાર્ય કરતા નથી. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે સહજ શુદ્ધ ઉપયોગ થઈ જાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org